Shakutai's sister Sulu was not courageous enough as to oppose her husband's reactions.She admits that "Nobody should live like that(Sulu),Urmila,so full of fears."(B.V.p.195)But on the other hand, she says that Kalpana was spoilt and we are facing the dire consequences due to her self-willed and stubborn attitude.Shakutai does not understand the gravity of the incident and holds her daughter responsible for it as she didn't have womanly fears.For Shakuntala, "boys are like... dogs panting after bitches."(B.V.p.146)and "men are like animals."(B.V.p.147) and there are their own people first of all, who always wait to throw stone at them.Shakutai does not want to report the matter to police as it is disgraceful on her part. Even she feels humiliated when the story is in print.Consequently they can't hold their head bcause of Kalpana.She fears that nobody will marry her daughters after knowing this incident.Later on as Urmi's father repents for sending her to Ranidurg to her grandparents,so does Shakutai.She admits that she(Shakutai)and Sulu were wrong and they did wrong to Kalpana.Bhaskar, who himself wants to get married, asks Urmi why Shakutai is worried about her daughters' marriage and he further says, 'what Shakuntala has got out of her own marriage -except for the children, of course?And yet,she is longing for her daughters' marriages' is a rather silly question on Bhaskar's part.Urmi replies, "Women like Kalpana's mother do find something in marriage."(B.V.p.87) "Security.You're safe from other men."(B.V.p.88) "Even if it has not worked out for her,it usually gives them that guarantee of safety.It takes much greater courage to dispense with a man's protection."(B.V.p.88)

After marriage women suffer identity crises-as their name is changed too.For e.g. from Mira to Nirmala. Bhaskar's mother,Urmi's father and her grandfather understand the importance of name and never change and shorten it.But her grandmother can't remember names and systematically takes people's name away from them as she has lost her own name 'Kamala' and everyone even 'Papa'(her son) calls her 'Bai'.

Urmi, Mira, Priti and Kalpana as radical feminists oppose women's oppression.They do not want to recreate their mothers' lives in their own lives by following them.They do not share anything with their mothers as 'Nothing is in their (mothers') hands.' Therefore,for Urmi as well as Kalpana,girls are not objects in a catalogue and they do not meekly "accept any man their parents choose for them-not any more."(B.V.p.160)

Shashi Deshpande also focuses on parent-child relationship and the impact of generation gap on relations.

Throughout the novel,it is the mother who cares for the children more than the father does.Even children and family members i.e. society expects too much from mother whether she is working woman or just a house wife.Urmi,Vandana, Shakuntala, Akka, Mira's, Kishore's and Bhaskar's mothers all care too much.Urmi faces nervous breakdown and is fearful about Kartik's life, after Anu's death.She feels "When a child dies,there's so little left"(B.V.p.20) "only emptiness"(B.V.p.20).When her friend Lalita asks her about issues, she replies'one'but feels she has betrayed herself. How can she forget her Anu, her dead daughter?

Kishore's father's caring attitude is quite clear as after Mira's death, "What he really wants now is a mother for that motherless child."(B.V.p.47)

Urmi and Vanna's concern for their children is reflected in their conversation.Vanna asks, "Do we have to go on agonising over the children for ever,Urmi.Do you think all parents do this?" (B.V.p.76)Urmi replies, "I don't know.Sometimes I think it's women who take parenthood seriously; men don't, not to the same extent, anyway."(B.V.p.76)She further expresses about the role played by society in making the woman a serious parent, "Sometimes I think...They brainwash us into this motherhood thing.They make it seem so mystical and emotional when the truth is that it's all just a myth.They've told us so often and for so long that once you're a mother you have these feelings, that we think we do."(B.V.p.76)

Urmi once tells Dr. Bhaskar Jain too that,one always hopes one's children will get more out of life than one has.Mira's mother once replied seriously to Mira's query- "Don't you want to know your future?"(B.V.p.101)like this-"What's there in my life apart from all of you?If I know all of you are well and happy.I'm happy too."(B.V.p.101)

Shakuntala strongly puts forth her desire as a mother during her catharsis- "Look at me-what am I ? I don't want my children to be like me."(B.V.p.112) "Why should my children go to other people's houses to watch(T.V.)? Are they beggars? I've deprived them of nothing."(B.V.p.143)

Inni is always worried about Urmila's getting late, even after her marriage.Vanna utters, "Inni's worried about you; about you..."(B.V.p.162)It shows 'parenthood makes one vulnerable'.

Even father-daughter, mother-daughter relationship has been underlined in the corpus of the novel.

Urmi, through Mira's autobiographical details realises that Mira was close to her father-'his only daughter,his favourite child.He was proud of her, her intelligence'.

Similarly, Kalpana and her father share good relationship.She gives her father more money than to her mother.She does not grumble at his spending money on gambling,even though he has done nothing for her.Kalpana feels her mother to be responsible for being deserted by her father, "You drove him away, you are always angry, always quarrelling,that's why he's gone"(B.V.p.93)

Urmi also seems closer to her father as she shares many a thing with her father but never anything with her mother.On the other hand, Vanna's father never cares for her except once in his life-time.Vanna herself gives vent to her feelings, "For years, I kept hoping that my father would begin to know me, to love me...I knew my father didn't love me, no,he would never love me.I gave up that hope then."(B.V.p.174) "In fact I wonder whether he knows I exist."(B.V.p.53)Even then she doesnot want her father to be labelled as 'insensitive and brutal'and opposes saying, "He was my father."(B.V.p.172)

Urmi and Inni,Shakuntala and Kalpana;Vandana and Mandira, somehow throw light on the mother-daughter relationship.

Urmi, since her childhood, used to stay with her grandparents.She always likes to wear clothes stitched by her grandmother however old or shabby they got, never wears her mother's expensive clothes.She does not consider her mother as 'solicitous mother'.Urmi gets angry with her many a time.Therefore Inni once burst out, "I know,I'm a burden to you,but I am helpless,I have no one..."(B.V.p.69) Inni does not like Urmi's involvement in Kalpana's matter.Both of them are unable to understand each other.That's reason why Urmi once says,"Why,Amrut you've begun protecting Inni against me!"(B.V.p.26)Amrut is uncomfortable with any comment passed on his mother.

Shakutai and Kalpana view life altogether differently.Kalpana never tells anything to her mother-her salary,her uncle's bad intention,her going out to get herself photographed with her friend.Shakutai does not want Kalpana to be born because of her own troublesome life.She holds Kalpana responsible for her tragedy as she puts up lipstick,does not care for anybody,walks out with her head high in the air.She does not listen to her mother's instructions regarding male mentality and indecency.Kalpana wants to marry a boy whose caste and family are not known, so it is opposed.Shakutai wants Kalpana to marry Sulu's husband as he does not have any bad quality like her husband.But Kalpana,being practical,opposes it.Even she objects to Prabhakar's calling her 'my beauty'and slapping her brother Prakash.Thus Kalpana and Shakutai have different dreams and visions.

Vanna's daughter Mandira is more confident and aggressive child.She minds Vanna's being a working woman and thinks that she will never leave her children to go to work.She does not want Hirabai(maid servant) at home but her mother.When Vanna thanks Urmi for being there to look after Pallavi,Mandira expresses her childlike envy- "she won't thank me,she thinks I never do anything".(B.V.p.72)Vanna 'wants to get married, have children and look after her family life'.She does not want to study.She holds Akka responsible for her being a career woman.Vanna is too much anxious of Mandira's constant refrain that she shouldn't be working.Vanna compares her childhood to that of Mandira and thinks why she never felt the same as her mother was also a school teacher.She inquires, "Why are these kids so demanding,Urmi?"(B.V.p.74)Mandira is jealous of Pallavi,her younger sister,being loved and cuddled by her mother.But Mandira's behaviour is childlike.Vanna,even being a medical social worker,is unable to cope.She feels Mandira hates her and asks Urmi, "Am I such a terrible mother?"(B.V.p.74)But at the same time she does not want to send Mandira away to live with her own mother Akka.

Thus Shashi Deshpande makes us to notice individual differences despite gender equality.

Shashi Deshpande also presents how society reacts to the incident of molestation.Even the police officer wants it to be reported as a case of accident -as it does not make any difference, on paper,whether she dies as the victim of an accident or physical harassment.They don't like such cases for being messy and troublesome, never being straightforward.He thinks- it will affect the girl and her family.Her name would be questioned as she is unmarried.She may be a professional,and may have knocked down by a car after having a bit of fun with her boyfriend(out of home without the knowledge of her family).Even media twists Kalpana's story to present it otherwise.Urmi,too, experiences later on,that the morcha and exposure has been just as bad as tragedy.It appears as a game and an imaginative story in which charges and counter-charges are exchanged and Kalpana is victim and her family martyrs.Suddenly they are celebrities on T.V.and Shakutai has too suffer, to agonise in the fierce glare of publicity.

Urmi represents Shashi Deshpande.She observes that a woman always feels threatened by a male.She accepts that,"No,I don't like men who try to dominate women.I don't like women who do it to men, either."(B.V.p.133)No human being wants to be dominated.The most important need is to love.We can anchor ourselves to this strange world when we love.Love absolves us from being cruel.The main urge is always to survive.The utter futility of life overwhelms human beings and the thought of dying terrifies them.

Thus Deshpande expresses that woman's as well as man's vision is essential to live life in its fullness.Therefore,we need to establish a bond of love between man and woman-which is the 'binding vine' and the 'spring of life'-despite gender differences.

Shashi Deshpande also emphasizes that hers is not the strident and militant kind of feminism which sees male as the cause of all troubles.

She further articulates the uniqueness of her feminist writings in an interview with Pallavi Thakur:

My writings "is about human beings and it is ultimately universal.You know human beings are the same everywhere."9 as "there is a man within every woman and a woman in every man.We each contain within an antipode of ourselves."10

Deshpande understands "feminism in India as activism rather than theory."11 What she wants to convey is that educated and economically independent women may still be bound and wrapped by conventions and brainwashed by the centuries of conditoning like Urmi and Vanna.The first step towards emancipation is liberation i.e. freedom.It is possible only if one goes to the truth of relationships, by going beyond the relationship.

She further explicates in same interview, "Men need the support of women and women need the support of men.And we need each other very badly because in this world we are all living together.I would not say that women should be active and men should be supporting.No, I think they are both in it together,equally together,only then it will work.So that is my kind of feminism."12 It does not mean promiscuity.She "differs from people who feel that feminism means loose morals, hating man or giving up the family.No,it's not at all that way to me."13.

To sum up the discussion,one can't live in isolation.For survival,we require to understand one another,without any type of rigidity in our nature,without any generalisation, inspite of individual differences and ups and downs in our daily life.

References:

1. Ranjit Guha,ed., From Subaltern Studies VI: Writings on South Asian History and Society, Oxford University Press,1994, p.94
2. Ram Sevak Singh & Charu Sheel Singh,ed., Spectrum History of Indian Literature in English, Atlantic Publishers and Distributors,New Delhi,1997,p.222
3. Quoted by Sandu Sarabjit K. in The Novels of Shashi Deshpande, Prestige Books,New Delhi,1991,p.46
4. Quoted by Vinay Kirpal,ed., The New Indian Novel in English:A Study of the 1980, Allied Publishers Limited,New Delhi,p.162
5. ibid. p.159
6. Rajeshwar Mittapalli & Pier Paolo Piciucco,ed.,Studies in Indian Writing in English ,Atlantic Publisher & Distributor, 2001,p.210
7. From Subaltern Studies VI:Writings on South Asian History and Society, p.94/95
8. ibid. p.94/95
9. Ravi Nandan Sinha,ed., The Quest:A Journal of Indian Literature and Culture,Vol.17,No.1,June2003,p.66
10. Rajul Bhargava,ed., Indian Writing in English:The Last Decade, Rawat Publications,2002,p.67
11. Studies in Indian Writing in English, p.209
12. The Quest:A Journal of Indian Literature and Culture,Vol.17,No.1,June2003, pp.67-68
13. ibid. p.68.

❑❑❑

'કહેવતોની દુનિયામાં ડોકિયું'

પ્રા. શોભના તન્ના
Head Dept. of Gujarati, MNWC

કોઈ વાતને સામાન્ય રૂપમાં કહેવા માટે સામાન્ય શબ્દ તેમ જ વાક્યરચનાનો પ્રયોગ કરવામાં આવે છે. જ્યારે એજ વાતને અસરકારક રીતે કહેવાની જરૂર પેદા થાય ત્યારે અથવા એમાં ચમત્કાર કે વિશિષ્ટતતા લાવવાના હોય છે ત્યારે ભાષાનો સામાન્ય પ્રયોગ સાથ નથી આપતો. એવે સમયે ચીલાચાલુ પદ્ધતિમાંથી બહાર આવી વિશિષ્ટ પ્રયોગોનો આશ્રય લેવો પડે છે. આવો વિશિષ્ટ ભાષા પ્રયોગ, રૂઢિપ્રયોગ, કહેવત ઈત્યાદિ દ્વારા કહેનાર જે કહેવા માગે છે તે બધુ જ અસરકારક રીતે કહી શકે છે અને સાંભળનારને જે અર્થ પહોંચાડવા માગે છે તેમાં પણ તેને કામયાબી મળે છે. 'તારી બુદ્ધિ નબળી છે.' 'તારી સમજમાં નાની અમથી વાત પણ નથી આવતી.' વગેરે સાદા વાચ્યાર્થ ધરાવતા વાક્યો છે તેને બદલે 'અક્કલનો ઓથમીર' કહેતાં જ પૂરેપૂરી અને ધારી અસર ઉપજાવી શકાય છે. આ ક્ષણ જ રૂઢિપ્રયોગનાં જન્મની ઘડી બને છે. આવો રૂઢિપ્રયોગ કથનમાં માર્મિકતા ઊભી કરે છે. ક્યારેક શ્રોતાના મર્મ સુધી ધારી અસર પણ કરી દે છે. જો કે રૂઢિપ્રયોગ યોગ્ય સંદર્ભમાં જ પ્રયોજાવો જોઈએ.

ભણેલાં કે નિરક્ષર, અધ્યાપક કે વિદ્યાર્થી નાની ઉંમરનાં કે મોટી ઉંમરનાં, સર્વ કોમનાં, વર્ગનાં ક્ષેત્રનાં લોકો એને પ્રયોજે છે. એવું વ્યાપક એનું કાર્યક્ષેત્ર છે. આ રૂઢિપ્રયોગ કોઈ નિયમોથી શીખી શકાય? અનુભવોથી શીખી શકાય? જવાબ થોડો મુશ્કેલ છે. રૂઢિપ્રયોગો એ અન્ય કોઈ વ્યાકરણગત એવું ઘટક નથી કે જે વિદેશી ભાષકને નિયમો દ્વારા સમજાવી શકાય. રૂઢિપ્રયોગ, વ્યાકરણ અને શબ્દકોશથી ભાષાનું જ્ઞાન અવશ્ય પ્રાપ્ત થઈ શકે છે. 'ઉકાળ્યું', 'બાફ્યું', 'ઘર ભાંગ્યું', 'આખલો' એવા શબ્દોનાં પણ વાચ્યાર્થથી ઈતર અર્થ છે જે લગભગ રૂઢિપ્રયોગોની શરતે સમજાય છે છતાં આપણે તેને રૂઢિપ્રયોગ કહીશું નહિ. બે કે બે થી વધુ શબ્દોનો સમૂહ સાથે મળીને, કોશગત અર્થથી જુદો, વધારે અસરકારક મર્મસભર અર્થ પ્રગટ કરે ત્યારે એવી બળવાન ઉક્તિ રૂઢિપ્રયોગ બને છે. કોઈ વાક્ય કે વાક્યનો અંશ સામાન્ય અર્થ ન દર્શાવતા કોઈ વિલક્ષણ અર્થ દર્શાવે તેને રૂઢિપ્રયોગ કહેવાય. દા.ત. ''આટલું બોલતાં બોલતાં તો એ પાણી પાણી થઈ ગયો.'' 'પાણી પાણી થઈ જવું' એ સામાન્ય અર્થમાં ન પ્રયોજાતા લાક્ષણિક અર્થમાં પ્રયોજાયેલ છે. રૂઢિપ્રયોગ વાચ્યાર્થ ન દર્શાવતાં લક્ષણા કે વ્યંજના દ્વારા વિશિષ્ટ અર્થ દર્શાવે છે. આ ઉપરાંત ભાષાનાં અલંકૃત પ્રયોગો લાંબા સમયથી ભાષામાં રૂઢ થઈ ગયા હોય તેને પણ રૂઢિપ્રયોગ, ભાષાના શબ્દ પ્રયોગો કહેવાય. દા.ત. 'પુષ્પાંજલિ આપવી.' આ જાતનાં પ્રદેશે, પ્રદેશ થોડાંક ફેરફાર સાથે સતત પ્રયોજાતા રહે છે. વ્યક્તિની અનુભવની ટંકશાળમાંથી તદ્દન નવાનકોર ખણખણતા સિક્કા જેવા આવા ભાષા પ્રયોગો અભિવ્યક્તિને ધારદાર બનાવે છે. ભાષાની અભિવ્યક્તિની વિવિધ છટાઓ નિરૂપવામાં રૂઢિપ્રયોગોનો ફાળો ઘણો મોટો છે એ તો ચોક્કસ.

રૂઢિપ્રયોગોની જેમ નાનપણથી જ આપણાં કાન પર જે વિશિષ્ટ ઉક્તિઓ અથડાય છે તે કહેવતોની છે. 'જવા દો ને. ભૂંડ ભેંશનાં ડોળા મોટા!' 'એ તો એવું જ હોય', 'વડ તેવા ટેટા ને બાપ તેવા બેટા.' ભાઈ ખરી વાત તો એ છે કે, 'ખાડો ખોદે તે પડે.' આવા ભાષા પ્રયોગોની આપણને નવાઈ નથી. આપણી ભાષામાં અઢળક કહેવતો છે. કહેવતો પર્વતો જેટલી પ્રાચીન છે. આપણાં પૂર્વજો પાસે ઔપચારિક શિક્ષણ ભલે ઓછું હશે. ભલે તેઓ નિરક્ષર હશે પરંતુ તેમની ભાષા ખરા લોહીની લાલીવાળી છે. આજે પણ શિક્ષણ સુવિધાથી વંચિત દૂરના ગ્રામ પ્રદેશમાં પહોંચી જાઓ અને જે સહજ રીતે વાણી વહે છે તે સાંભળો તો દર ત્રીજા ચોથા વાક્યે રૂઢિપ્રયોગ કે કહેવતનો ઉપયોગ થતો જોવા મળશે. બાળક નિશાળે જતાં પહેલાં ઘરમાં ઘણું પામતો હોય છે. જો કે અત્યારે કહેવતો જવલ્લે જ પ્રયોજાય છે. કહેવતો પ્રયોજવાની પ્રવૃત્તિ મંદ અતિ મંદ થતી જાય છે. સાધારણ વાતચીતમાં પણ સપાટ અભિવ્યક્તિ, બહુ બહુ તો વક્રોક્તિથી આવે છે. પરંતુ કહેવતસભર કથન શહેરનાં ભણેલા સુધરેલા સમાજમાં અતિ દુર્લભ બનતું જાય છે.

કહેવતો નથી પ્રાચીન કે નથી અર્વાચીન એ તો ભાષાનો સનાતન અંશ છે 'બોલે તેના બોર વેચાય' એ કંઈ કોઈ એક સમયની અમુક જાતિના લોકોની કહેવત નથી. કહેવતો એ સમાજના શાણપણની પારાશીશી છે. એમાં પણ વાચ્યાર્થ પછીની બીજી અને ત્રીજી શબ્દશક્તિ લક્ષણા અને વ્યંજનનો વ્યાપાર પ્રવર્તે છે. જગતની કોઈપણ પ્રજા કે તેનું સાહિત્ય આ અંગવિહોણું નહિ હોય. કહેવતો પ્રજાની રહેણીકરણી, રીતરિવાજો, ઉત્સવો, માન્યતાઓ અને ઈતિહાસને પ્રતિબિંબિત કરવાની ક્ષમતા ધરાવે છે. ભોજનમાં જે પ્રમાણમાં મીઠું સમરસતા અને સ્વાદિષ્ટતા અર્પે છે તે જ રીતે ભાષામાં કહેવત કે રૂઢિપ્રયોગ સભરસ બનીને આવે છે અને બોલાયેલી કે લખાયેલી ભાષાને સમરસતા અને આસ્વાધતા અર્પે છે.

રૂઢિપ્રયોગ અને કહેવત બંને ભાષાના શણગારરૂપ છે. બંને લોકજીવન સાથે સંકળાયેલા છે. રૂઢિયપ્રયોગ એ ભાષાનો પ્રયોગ છે જ્યારે કહેવત એ લોકસાહિત્યનો અંશ છે. એટલે સ્વરૂપની દષ્ટિએ તેમ જ તેનાં અંતઃતત્વની દષ્ટિએ બંને જુદા છે.

પેઢી દર પેઢી કોઈ પણ માનવ સમૂહનો સંગ્રહાતો જતો અનુભવ તથા ડહાપણ તેની ભાષાનાં બોધરૂપ દૃષ્ટાંત વાક્યોમાં કે ચોટદાર મર્માળી ઉક્તિઓમાં પ્રગટ થાય છે. આવા વાક્યો અને ઉક્તિઓ એક વ્યક્તિ પાસેથી બીજીને અને એક જમાના પાસેથી બીજા જમાનાને મળતાં રહે છે. અને એ રીતે વધુ ફેલાઈ ફેલાઈને સર્વ સ્વીકૃત બની સમાજમાં લોકપ્રિયતા પામી સહુને મોઢે રમી રહે છે એમને આપણે કહેવતો તરીકે ઓળખીએ છીએ.

કહેવતનાં સ્વરૂપનો વિચાર કરીએ તો બે મહત્વનાં સ્વરૂપો દૃષ્ટિગોચર થાય છે. (૧) ગદ્યાત્મક અને (૨) પદ્યાત્મક.

ગદ્યાત્મક કહેવતો:

(૧) ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.

(૨) દુકાળમાં અધિક માસ.

(૩) શેઠની શિખામણ ઝાંપા સુધી.

(૪) ગરીબની બૈરી સહુની ભાભી.

(૫) દીવા પાછળ અંધારું.

આપણે ત્યાં પદ્યાત્મક કહેવતો મોટે ભાગે દોહરા, સોરઠા કે ચોપાઈમાં મળે છે.

(૧) અક્કલ ઉધારે ના મળે, હેત ના હાટ વેચાય
રૂપ ઉછીનું ના મળે, પ્રીત પરાણે ન થાય. — દોહરો

(૨) પીપળ પાન ખરંતા હસતી કુંપળિયા
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુલિયા. — દોહરો

(૩) કળથી થાયે કામ, બળથી તે થાતું નથી
જર બળ નવ આવે કામ સાચું સોરઠિયો ભણે — સોરઠો

(૪) ઊંઘ ન જુએ તૂટી ખાટ, પ્રેમ ન જુવે જાત કજાત
ભૂખ ન જુએ ટાઢો ભાત, પ્યાસ ન જુએ ધોબી ઘાટ — ચોપાઈ

લોકજીવનનાં ભિન્ન ભિન્ન પાસાંનો જ કહેવતોમાં રજૂ થાય છે તેનો વિગતે વિચાર કરીએ તો જણાય. કુટુંબ, જ્ઞાતિ, ધર્મ, નીતિ, રાજશાસન, મનુષ્ય સ્વભાવ, લોક વ્યવહાર, પ્રકૃતિ, વૈદક જેવા વિષયોનું તેમાં પ્રાધાન્ય છે. આ વિષય સંબંધી કહેવતોનાં ઉદાહરણો પરથી લોકજીવન અને લોકમાનસનો ખ્યાલ મળે છે.

થોડાં ઉદાહરણો જોઈએ:

કુટુંબ

(૧) ઊઠ વહુ વિસામો ખા, હું કાતું તું દળવા જા.

(૨) ઘર ફૂટે ઘર જાય.

(૩) છોરું કછોરું થાય, માવતર કમાવતર ન થાય.

જ્ઞાતિ

(૧) વાણિયા વાણિયા ફેરવી તોળ.

(૨) સુતારનું મન બાવળિયે.

(૩) કપાળે હજો કોઢ પણ પાડોશી ન હોજો મોઢ.

ધર્મ અને નીતિ

(૧) અતિ લોભ તે પાપનું મૂળ.

(૨) રામ રાખે તેને કોણ ચાખે.

(૩) પરમેશ્વરે દાંત આપ્યા છે તે ચવાણું આપશે.

રાજશાસન

(૧) ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી?

(૨) રાજાને ગમી તે રાણી ને છાણાં વીણતી આણી.

(૩) જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી.

મનુષ્ય સ્વભાવ

(૧) આંગળી આપીએ તો પહોંચો પકડે.

(૨) ગરજ સરી ને વૈદ વેરી.

(૩) તારું મારું સહિયારું ને મારું મારા બાપનું.

લોક વ્યવહાર

(૧) કરણી તેવી પાર ઉતરણી.

(૨) હિસાબ કોડીનો બક્ષિસ લાખની.

(૩) ખાડો ખોદે તે પડે.

પ્રકૃતિ

(૧) ઊંટ મેલે આકડો ને બકરી મેલે કાંકરો.

(૨) ફૂમળા છોડને વાળીએ તેમ વળે.

(૩) ડુંગરા દૂરથી રળિયામણા.

વૈદક

(૧) ગળો, ત્રીખરુ ને આમળાં સાકર ઘી થી ખાય
વૃદ્ધપણું વ્યાપે નહિ, રોગ સમૂળો જાય.

(૨) મેથી કહે હું મોંઘામૂલી રંગે પીળી લાગું
મારો વાપર જો થાય તો વા કહે હું ભાગુ.

(૩) રાતે વહેલા જે સૂઈ, વહેલાં ઊઠે વીર
બળ, બુદ્ધિ, ધન સહુ વધે, સુખિયું રહે શરીર.

કહેવતોને આધારે થયેલી કાવ્યરચનાઓની વાત કરીએ તો સૌ પ્રથમ આપણને તેરમી ચૌદમી સદીની પ્રાકૃત ભાષામાં લખાયેલ કૃતિઓ મળે છે. ત્યારથી ઠેઠ અઢારમી સદી સુધી આ પરંપરાની રચનાઓ મળી આવે છે. પ્રાકૃત, સંસ્કૃત, હિન્દી, રાજસ્થાની ને ગુજરાતી જેવી ભાષાઓમાં પ્રકાશિત થઈ ચૂકેલી તેમ જ હસ્તપ્રતોમાં સંગ્રહાયેલી જે કૃતિઓ આજે ઉપલબ્ધ છે. તેને આધારે સમજાય છે કે એક જમાનામાં આવી કહેવત-મૂલક કૃતિઓની પરંપરા ચાલુ હતી. વિવિધ ભાષાઓમાં મળી આવેલ નોંધપાત્ર રચનાઓની ટૂંકમાં વાત કરીએ તો

(૧) ૧૩મી સદીમાં પ્રાકૃત ભાષાની કૃતિ 'ઓહાણક સ્તોત્ર'

(૨) સંવત ૧૫૬૫ જુની ગુજરાતી કૃતિ 'રાવણ મંદોદરી સંવાદ' કર્તા શ્રીધર.

(૩) ૧૬મી સદી જુની ગુજરાતીમાં માંડણ કૃત 'પ્રબોધ બત્રીસી'.

(૪) સંસ્કૃત ભાષામાં દક્ષિણામૂર્તિ કૃત લોકોક્તિ 'મુક્તાવલી'.

(૫) સંવત ૧૬૩૨ની આસપાસ હિન્દીમાં અગ્રદાસ કૃત 'હિતોપદેશ ઉપખાણા'.

(૬) સંવત ૧૬૯૯ સંસ્કૃત ભાષામાં ધનવિજય કૃત 'આભાલા શતકમ્'

(૭) ઈ.સ. ૧૭૨૦ની આસપાસ રાજસ્થાની ભાષામાં જગતાનંદ કૃત 'ઉપખાને સહિત ભાગવત દશમ સ્કંધ.'

(૮) ઈ.સ. ૧૭૩૨ હિન્દી ભાષામાં નંદનકૃત 'વ્યોમહાર સાર.'

(૯) ૧૮મી-૧૯મી સદીમાં ગુજરાતી ભાષામાં દયારામ કૃત 'પ્રબોધાવતી.'

માનવી લખતાં શીખ્યો તે પહેલાંથી કહેવત વ્યવહારમાં આવી ચૂકી હતી એટલે કે માનવી શબ્દની સહાયથી અભિવ્યક્તિ સાધતા શીખ્યો તે પહેલાંથી કહેવતનો વિનિયોગ બોલવામાં અને વ્યવહારમાં કરતો.

ત્યારથી આજ સુધી માનવે આ અત્યંત ટૂંકા સ્વરૂપ પાસેથી વ્યક્તિગત વ્યવહારમાં સામાજિક જીવનમાં, રાજકીય પરિસ્થિતિઓમાં રોજબરોજની અભિવ્યક્તિમાં કહેવતો પાસેથી ઘણું કામ લીધેલ છે.

આમ છતાં આજ સુધી કહેવતો સાહિત્ય સ્વરૂપ તરીકે સ્વીકારાઈ નથી. કહેવતોમાં સાહિત્યનાં ઉમદા અંશો જોવા મળે છે. કહેવતો અનુભૂતિની નક્કર વાસ્તવિકતાંથી ફૂટી નીકળે છે.

કહેવતોમાં શબ્દોનું ગૌરવ થયું છે. અર્થનો મહિમા ગવાયો છે. ઉમદા સાહિત્ય પાસે જે અપેક્ષા રાખીએ તે અપેક્ષાઓ કહેવતોની શબ્દ સૃષ્ટિમાં ડગલે ને પગલે અનુભવી શકાય છે.

જીવનની સહુથી વધુ નજીક ગયેલું સ્વરૂપ કહેવત છે. જ્યાં માનવ સમાજ છે. સામાજિક વ્યવહાર છે, ભાષાનું અસ્તિત્વ છે, ત્યાં 'કહેવતો' પોતાનું કૌવત દાખવે છે. અને પોતાની અમોઘ શક્તિથી માનવને ઉપકારક ને ઉપયોગી બને છે.

કહેવતોનું સામાન્ય સ્વરૂપ:

★ કહેવતો અંદાજે ઓછામાં ઓછા સાત શબ્દોથી માંડીને વધુમાં વધુ પંદરવીસ શબ્દોમાં પોતાની આકૃતિને ઘડી લે છે અને અંતઃતત્વને વિકસવા દે છે.

★ કહેવતોની દુનિયામાં ઊંડા ઉતરતા માલૂમ પડે છે કે કહેવતની પાર્શ્વભૂમિકામાં જીવનનો નક્કર અનુભવ છુપાયેલો હોય છે.

★ કહેવતનાં સર્જનમાં કોઈ એક વ્યક્તિનો ફાળો નથી.

★ એક એક કહેવતમાં અનુભવનો અર્થ અવલોકવા આસ્વાદવા મળે છે.

★ કહેવત સમયનું સંતાન છે પરંતુ કહેવત અજર અમર છે. સ્થળ, સમયના સીમાડા કહેવતને કદી નડ્યા નથી. કોઈપણ માધ્યમની સહાયથી યુગો પહેલાં જન્મેલી કહેવત દુનિયાના ખૂણેખૂણામાં એવી રીતે પ્રસરી ચૂકી છે કે કોઈ એક કહેવતનું મૂળ સ્થાન શોધવું અત્યંત મુશ્કેલ અને અશક્ય બની જાય છે.

કહેવતોની આકૃતિનાં ઘડતરમાં જીવનનો અનુભવ; વાસ્તવિકતાની ભૂમિ; કલ્પનાનું ઉડ્ડયન; શબ્દનો સંગાથ; અનુભવની ગરિમા; જીવનનાં આશ્ચર્યો; વિસ્મય; કલ્પન; પ્રતિક; પુરાકલ્પન; વગેરે અનેક પ્રકાર ઉક્તિ, પ્રયુક્તિ, વક્રોક્તિને અવકાશ મળે છે.

કોઈપણ માનવસમાજની તસ્વીરને ઓળખવાનું, સમાજની સંપૂર્ણ તસ્વીર ખેંચવાનું ભગીરથ કામ અત્યંત આસાનીથી કહેવતોએ કર્યું છે.

પ્રત્યેક કહેવત કોઈ ને કોઈ અનુભવ બીજમાંથી અવતરી છે. કહેવતની પાછળ પાર્શ્વભૂમિકામાં તેને ઘડનારું પરિબળ ક્યાંક કરૂણતા છે. ક્યાંક દયા છે, ક્યાંક ક્રોધ છે, ક્યાંક હાસ્ય છે. જીવનના અનુભવો કહેવતોના નિર્માણમાં અગત્યનો ભાગ ભજવે છે.

અનુભવ જ્યારે અનુભૂતિ બને છે ત્યારે અભિવ્યક્તિનો માર્ગ શોધી લે છે. કહેવતને ગાગરમાં સાગર કે બિંદુમાં સિંધુ કહીને ઓળખવામાં આવી છે.

કહેવતની રચના એકાદ દિવસનું પરિણામ નથી કે એકલ દોકલ વ્યક્તિની પ્રતિભા કે આયાસનું પરિણામ પણ નથી કહેવત-ભોજનમાં મીઠા જેવી હોય છે. કહેવત અનુભવનું સંતાન છે. તેમાં લઘુતા અને ચારૂતા અનિવાર્ય હોય છે. તેમાં કાવ્યતત્વ હોય છે. કહેવતમાં માનવસમાજ, માનવની ગતિરીતિ, માનવની તાસીર, વગેરેનું પ્રતિબિંબ મળે છે. અને એટલે જ કહેવતોની લોકપ્રિયતા અસીમ છે.

કહેવતોનાં ઘડતરમાં નાની-નાની પ્રસંગકથાઓ બહુ મોટો ભાગ ભજવતી હોય છે. આવી કહેવતોની પાછળ રહેલી કથાઓનો કહેવતો સાથેનો સંબંધ કાળક્રમે તૂટતો જાય છે, ઘસાતો જાય છે તેમ છતાંયે કહેવતો પોતાની પ્રાસાદિકતા, હેતુલક્ષિતા, અસીમ તેજસ્વીતા, સરલતા, હૃદય વેધકતાનાં કારણે અત્યંત લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે. અને રોજિંદા વપરાશમાં બોલચાલની ભાષામાં આ કહેવત વણાઈ જાય છે.

સાહિત્યકારો માટે કહેવત અમોઘ શસ્ત્ર સમાન છે. સાહિત્યના ગમે તે સ્વરૂપનું ખેડાણ થયું હોય નવલકથા, નવલિકા, એકાંકી, નાટક, ભવાઈ, કાવ્ય કે મહાકાવ્ય, ગઈ કાલનું કે આજનું પણ સાહિત્યકારોને પોતાના અનુભવની અસરકારક અભિવ્યક્તિ માટે કહેવતોનો આશરો લેવો પડ્યો છે. આજના એબ્સર્ડ સ્વરૂપોમાં પણ કહેવતોનો યથાયોગ્ય ઉપયોગ થયો છે.

દરેક ભાષાને બે પ્રકારનું સૌંદર્ય છે. એક અર્થનું સૌંદર્ય અને બીજું શબ્દનું સૌંદર્ય. અર્થનાં સૌંદર્યનાં નિર્માણમાં કહેવતનો ફાળો મોટો છે.

એ એક કમનશીબી છે કે કૃતિને જ્યારે અનુવાદિત કરવામાં આવે છે ત્યારે કહેવતોનાં સૌંદર્યને અભિવ્યક્ત કરવું મુશ્કેલ બને છે અને તેથી કલાકૃતિનો આનંદ સંપૂર્ણપણે અન્ય ભાષામાં લઈ જઈ શકાતો નથી.

દલીલબાજીમાં પણ કહેવતો મહત્વનો ભાગ ભજવી શકે છે. સંક્ષેપમાં ચોટદાર રીતે વસ્તુકથન કરવાની શક્તિ કહેવતોમાં રહેલી છે. ચર્ચાઓમાં ક્યારેક આરંભમાં તો ક્યારેક અંતે. વકતવ્યની સમજૂતિ માટે કહેવતનો ઉપયોગ થાય છે.

કોઈપણ દેશની કહેવતોમાં અમુક અંશે રાષ્ટ્રીય વિશિષ્ટતા વ્યક્ત થાય છે. જનમંડળની રહેણીકરણી, રીતરિવાજો, ઈતિહાસ, તહેવારો, વહેમ, ઘરસંસારની બાબતો વગેરેનાં ઈશારા કહેવતોમાં સમાયા હોવા ઉપરાંત પ્રજાની વ્યવહાર દક્ષતા તેનું શાણપણ, તેની સભ્ય ને સંસ્કારિતાના પણ સંકેત મળે છે.

જમાને જમાને જીવનની પરિસ્થિતિ અને રહેણીકરણીમાં ફેરફાર થતો રહે છે. પ્રજાનો ઈતિહાસ પણ પરિવર્તન પામતો રહે છે. અન્ય પ્રજાઓ સાથેનાં સંપર્કની માત્રામાં પણ વધઘટ થતી રહે છે. અને તેથી કહેવતોમાં પણ રૂપાન્તર થતાં રહે છે. નવી કહેવતો અસ્તિત્વમાં આવતી રહે છે. આમ હોવાથી કહેવતોનાં અભ્યાસથી માનવ સમાજનાં જુદા જુદા પાસાંની ઝાંખી થાય છે. તેમ જ સમાજમાં થતાં ફેરફારોનો ખ્યાલ આવે છે. એથી નૃવંશશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ અને ઈતિહાસકારો માટે પણ કહેવતોનું ઘણું મહત્વ છે.

આજે -યારે ભાષા વિજ્ઞાનનો અભ્યાસ સારા પ્રમાણમાં થાય છે ત્યારે કહેવતો ભાષા-વિજ્ઞાનના અભ્યાસમાં નોંધપાત્ર ફાળો આપી શકે એવી સ્થિતિ છે. ભાષા વિજ્ઞાનનાં અભ્યાસમાં કહેવતોનું પ્રદાન મહત્વનું છે. કાળગ્રસ્ત શબ્દો, અર્થો, રૂપો કે પ્રયોગો કહેવતોમાં જળવાતા હોય છે. એટલે એવી કહેવતો ઐતિહાસિક દૃષ્ટિએ ભાષા વિજ્ઞાનના અભ્યાસમાં સહાયભૂત થાય છે.

દા.ત. માંડા શબ્દ ગુજરાતીમાં પંદરમી સોળમી સદીમાં પ્રચલિત હતો જે આજે ઘસાઈ ગયો છે.

'ઘઉં ગણે તે માંડા ભૂલે નહિ.' (માંડા એટલે ઘાસના પૂળા)

આવી જ રીતે ગુડા, ત્રાંબિયા, પાઈ આ બધા શબ્દો આપણે વાપરતા નથી પણ કહેવતોમાં સચવાઈ રહ્યા છે જેના દૃષ્ટાંક નીચે મુજબ છે.

'ગાડું દેખી ગુડા ગળે.'

'ત્રાંબિયાના તેર મળે.'

'પાઈની પેદાશ નહિ ને ઘડીની ફુરસદ નહિ.'

આવી બધી કહેવતોના ઉદાહરણો આજે વપરાશમાંથી નીકળી ગયેલાં કેટલાંક શબ્દો, અર્થો ને રૂપો આપણી છતાં કરે છે. આ બધા ઉદાહરણો ભાષાવિજ્ઞાનનાં અભ્યાસનો રસિક બનાવે છે.

આમ કહેવતો લોકસાહિત્યનું એક અંગ છે. લિખિત સાહિત્યના જન્મ પહેલાં કહેવતો જન્મી ચૂકી હતી.

કહેવતોનાં સામાન્ય લક્ષણોને નીચે મુજબ તારવી શકાય.

(૧) ડહાપણ, (૨) ચલણીપણું, (૩) પરંપરાગત પ્રાપ્તિ, (૪) સંક્ષિપ્તતા, (૫) ચોટ, (૬) તીક્ષણતા ને સુગમતા.

અંતે, કહેવત શબ્દને વ્યુત્પત્તિની દૃષ્ટિએ તપાસીને અર્થ નક્કી કરીએ તો એમ કહી શકાય કે દૃષ્ટાંત રૂપે, વૃતાંત રૂપે, બીજાંથી જુદું પડી આવે એ રીતે કહેવું તે કહેવત. સ્વયં પર્યાપ્ત એકમ બને તે રીતે કહેલું. લોકોમાં પ્રચલિત બન્યું હોય. લોક પરંપરાથી જળવાઈ રહ્યું હોય તે કહેવત.

આમ કહેવતોનો અભ્યાસ જેટલો રસપૂર્ણ છે તેટલો જ આવશ્યક પણ છે જ.

સંદર્ભ સૂચિ:

(૧) કહેવતો - પ્રાયોજક શાંતિલાલ ઠક્કર.

(૨) ગુજરાતી કહેવત સંગ્રહ - સ્વ. આશારામ દ. શાહ

(૩) કહેવત કથાનકો - સ્વામી પ્રણવતીર્થજી

(૪) કહેવત અંક - જનકલ્યાણનો અંક

(૫) ગુજરાતી રૂઢિપ્રયોગ અને કહેવતો.

(૬) આપણી કહેવત એક અધ્યયન - અનસૂયા ત્રિવેદી

❑❑❑

લોકનાટ્ય ભવાઈનો શિક્ષણમાં વિનિયોગ

ડૉ. હાર્દિક ડી. મહેતા
Maharshi Dayanand Saraswati Mahila B.Ed. College, Visnagar, Gujarat

લોકસંસ્કૃતિ અને લોકસંસ્કાર એ લોકશિક્ષણ સાથે સંકળાયેલી પ્રાચીન ભારતીય પરંપરા છે. પ્રાચીન સંસ્કૃત મહાકાવ્યો અને નાટકોએ આપણી સાહિત્ય સંસ્કૃતિની સાથે સાથે લોકજાગૃતિ અને લોકશિક્ષણને પોષણ આપ્યું છે. કાશ્મીરથી માંડી કન્યાકુમારી સુધી, સોમનાથ, દ્વારકાથી સારનાથ સુધી સંસ્કૃત સાહિત્યના સુવર્ણયુગમાં ઉજ્જૈન, તક્ષશિલા, નાલંદા વગેરે પ્રસિદ્ધ વિદ્યાધામ હતાં. દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનાં કેન્દ્ર હતાં. અહીં શિક્ષણ સાથે પંડિતો, કવિઓ, ઋષિઓ, તપસ્વીઓ, નાટ્યકારોની સાથે સાથે રાજાભોજ કે હર્ષવર્ધન જેવા રાજવીઓ પણ જોડાયેલા હતા. રાજ્યશાસન અને શિક્ષણ, સંસ્કૃતિ પરસ્પર સંકળાયેલાં હતાં. લોકશિક્ષણ અને સંસ્કૃતિ હંમેશાં લોકજીવન સાથે ચાલતી રહે છે.

નાટકમાંથી ભવાઈ તરફ દૃષ્ટિ કરવાની મનોવૃત્તિ થાય એ સ્વાભાવિક છે. ઈ.સ. ૧૩૫૦ પછી ભવાઈએ નાટકનું સ્થાન લીધું. ભવાઈનો વેશ એ નાટકનો એક અંશ જ ગણાય છે. અને એમાં લોકશિક્ષણનું મૂળ પ્રાપ્ત થાય છે. 'ભવાઈ' શબ્દ સાથે કવિ અસાઈતના ત્રણ દીકરા 'ત્રણધરા' - તરગાળા જ્ઞાતિ જોડાયેલી છે. અસાઈતે ૩૬૦ જેટલા ભવાઈ વેશો લખેલા અને પોતાના પુત્રો સાથે આ વેશ 'રમવાનો' એટલે કે ભજવવાનો વ્યવસાય શરૂ કરેલો. સૌ પ્રથમ મહીપતરામ રૂપરામ નીલકંઠે ભવાઈ વેશો સંકલિત કર્યા ત્યારબાદ રમણભાઈ નીલકંઠે એમાં કેટલાક ઉમેર્યા. પછી કેટલાક અભ્યાસીઓએ પણ તેમાં યોગદાન કરેલું. જેમાં જયશંકર સુંદરી, રસિકલાલ પરીખ, ચિનુભાઈ નાયક, ડૉ. સુધા દેસાઈ, જનક દવે, ડૉ. દિનકર ભોજક, પ્રા. વિનાયક રાવલ જેવાનાં નામ ગણાવી શકાય. વડોદરા, મુંબઈ, રાજકોટ, વિસનગર, વડનગર, અમદાવાદ વગેરે નગરોમાં નાટ્યગૃહોમાં આ ભવાઈએ સ્થાન લીધું છે. અને એ રીતે ભવાઈએ જીવનશિક્ષણનું લોકશિક્ષણનું કામ અનાયાસે કર્યું છે.

ભવાઈ એ પરફોર્મિંગ આર્ટ છે. તેના સ્વરૂપની આગવી વિશેષતા રહી છે. લોકશિક્ષણનું અકસીર અને બેનમૂન માધ્યમ છે. તે લોકકલા છે. જીવન ઘડતરનો કીમિયો છે. ભૂમિજાત કલાસ્વરૂપ છે. તેમાં નૃત્ય, સંગીત, વેશભૂષા અને કવિતાનો સમન્વય થયેલો છે. આમ ભવાઈ એ અનૌપચારિક શિક્ષણ સંસ્થા છે. કોઈપણ સાહિત્ય-કલા એ સમયની તાસીર છે. સમયની માંગ પ્રમાણે રચાતી હોય છે. અને તેથી જ લોકશિક્ષણ આપવા માટે જ ભવાઈ વેશો રચાયા હશે તે હકીકત છે. પરંતુ આજના ઈન્ફર્મેશન ટેક્નોલોજીના યુગમાં ભવાઈ એ પોતાનું અસ્તિત્વ કઈ રીતે ટકાવવું? તેનો ઉપયોગ કઈ રીતે કરવો? એ પેચીદો પ્રશ્ન છે. લોકશિક્ષણને એ કઈ રીતે ઉપયોગી થઈ શકે? તેનો જવાબ જટિલ છે. પણ પ્રો. જનક દવેના શબ્દોમાં જોઈએ તો -

''નાટક-ટી.વી. આવ્યાં તોયે, ભવાઈની તો જલતી જ્યોત,
મીઠા સૂર ભૂંગળ રેલામ, મોકળા મનથી જુએ લોક જુએ ભવાઈ.''

આમ ગ્રામ સુધારણા કે લોકશિક્ષણ માટે ભવાઈનો ઉપયોગ થઈ શકે. આજે ટી.વી. કે રેડિયોએ ભવાઈને સાચવવાનું મોટું કાર્ય કર્યું છે. દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ લોકશિક્ષણના ઘણા કાર્યક્રમો યોજે છે. શાળા-કૉલેજોમાં, યુવક મંડળો દ્વારા, સરકારી કાર્યક્રમોમાં ભવાઈના વેશો આજે ભજવાય છે. સમૂહ માધ્યમોનો નવી પેઢીને ભવાઈની ઓળખ આપવામાં, શિક્ષણ આપવામાં નોંધપાત્ર ફાળો છે. આજે આધુનિક વેશો જેવા કે જનજાગૃતિ, માણસાઈ, સાક્ષરતા, અસ્પૃશ્યતા નિવારણ, પ્રૌઢ શિક્ષણ, દારૂબંધી, એઈડ્ઝ, સ્વચ્છતા અભિયાન, દહેજ, સ્ત્રી ભ્રૂણ હત્યા, કન્યા કેળવણી, પાણી બચાવો, કોમી એકતા, પર્યાવરણ, માનવ અધિકાર, ગ્રાહક જાગૃતિ, કુટુંબનિયોજન, બાળલગ્ન, દેશભક્તિ એમ વિવિધ વિષયો પર ભવાઈ વેશો રચાય છે. જેમાં આધુનિક વિષયોનું લોકશિક્ષણ આપવામાં આવે છે. આમ આજના ભવાઈ વેશોમાં શિક્ષણનો વિનિયોગ જોવા મળે છે. આજે લોકશિક્ષણ અને ભવાઈ એકબીજાના પૂરક બની ગયાં છે.

આમ 'ભવાઈ' એ શિક્ષણમાં વ્યાપક થઈ ગયેલો શબ્દપ્રયોગ છે. પન્નાલાલ પટેલે 'માનવીની ભવાઈ' નવલકથા લખી. પરેશ નાયકે 'ભવની ભવાઈ' ફિલ્મ બનાવી. એમાં લોકશિક્ષણને નવા સ્વરૂપે જીવંત બનાવ્યું છે. આજે તો ઘેર ઘેર ભવાઈ ભજવાતી જોવા મળે છે કારણ કે ભવાઈ એ ભવ ભવની ભવાઈ છે. આજે સનેડો શબ્દ ભવાઈ સાથે જોડાયેલો છે. સસ્નેહ-સ્નેહ-સનેડો એમ શબ્દ

ઉતરી આવેલો છે. એનો અર્થ છે રંગ લાગવો, ચટકો લાગવો એમાં પણ લોકરંજન અને લોકશિક્ષણનો સુમેળ સધાયો છે. આમ ભવાઈમાં લોકશિક્ષણનો તાલ અને લય જોવા મળે છે. ટી.વી.ના માધ્યમ દ્વારા દિવાન-ખંડમાં કે બેડરૂમમાં ભવાઈ આવી ગઈ છે. ભવાઈનું સ્વરૂપ જીવંત ગતિશીલ છે. ચંદ્રવદન મહેતા, જસવંત ઠાકર, ચીમનલાલ નાયક, જનક દવે, હસમુખ બારાડી, ચિનુ મોદી, ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા જેવા નાટ્ય-ભવાઈના રસિયો-ચાહકોએ આજે ભવાઈના સ્વરૂપને નવા સ્વરૂપે સાચવ્યું છે. આમ ભવાઈ એ લોકશિક્ષણનું માધ્યમ બની ગયું છે. અંબાજી, બહુચરાજી કે પાવાગઢ જેવા શક્તિપીઠોમાં ભસતા મેળા વખતે રાત્રે ભવાઈ ભજવાય છે. પાંચોટ, ધીણોજ, ઊંઝા, ઊંઢાઈ, ઉમતા, કાંસા, ઐઠોર, વસાઈ, ત્રાંસવાડ, છઠીયારડા, પીલુધરા, વાલમ, બ્રાહ્મણવાડા જેવા અનેક ગામોમાં દર વર્ષે દેવસ્થાનોમાં રાત્રે ભવાઈ ભજવાય છે. એમાં શક્તિપૂજા-દેવીપૂજા અને લોકરંજન-શિક્ષણનો સમન્વય થયેલો જોવા મળે છે.

આજે મલ્ટીમિડિયા દ્વારા આધુનિક ભવાઈ વેશો રજૂ થાય છે. આધુનિક રંગભૂમિ પર ભવાઈ ભજવાય છે. દા.ત. ચંદ્રશેખર કંબારે કર્ણાટકના લોકનાટ્ય બૌણટાનો આધાર લઈ ''જો કુમાર સ્વામી'' રજૂ કર્યું. હબીબ તન્વરે 'આગ્રાબજાર', 'મિટ્ટી કી ગાડી', 'ચરણદાસ ચોર' જેવા લોકનાટકો રજૂ કર્યાં. દિગ્દર્શક ગિરીશ કર્નાડ 'હયવદન', વિજય તેંડુલકરે 'ઘાસીરામ કોટવાલ', ભારતેન્દુ હરિશ્ચંદ્રે 'અંધેરી નગરી ચોપટ રાજા', રતન થિયામે 'ચક્રવ્યૂહ' વગેરે એ ભવાઈની પરંપરાને જાળવી રાખી છે.

આ ઉપરાંત વિજય મહેતા, જબ્બાર પટેલ, શ્યામનંદ જાલાન, સત્યદેવ દુબે જેવા દિગ્દર્શકો પ્રાચીન નાટ્ય પરંપરાને આધુનિક પ્રેક્ષકો આગળ રજૂ કરે છે. જેમાં વિવિધ એવા શિક્ષણના ફલકને રજૂ કરે છે. આમ ભવાઈ એ બહુહેતુક લોકશિક્ષણની પ્રવૃત્તિ છે. લોકસંસ્કૃતિ અને લોકજન્ય કલા છે. સમયની-પરિસ્થિતિના પ્રતિભાવરૂપે ભવાઈ વેશો આજે રચાય છે ભજવાય છે. અને તે રીતે ભવાઈએ લોકશિક્ષણનું મોટું સમાજોપયોગી કાર્ય કર્યું છે. લોકશિક્ષણમાં તેનો વિનિયોગ યથા યોગ્ય કરીને મોટું પ્રદાન કરેલું છે. વર્તમાન જીવનપ્રવાહોનું નિદર્શન કરીને સંસ્કૃતિ, સંસ્કાર અને શિક્ષણનું ઘડતર કરે છે. શિક્ષણમાં તેનો વિનિયોગ કરીને મહત્વની સેવા થઈ રહી છે. આધુનિક ભવાઈ વેશોમાં ભલે તેના સ્વાંગ જુદા જુદા હોય પણ લોકશિક્ષણ એ જ તેનું ધ્યેય છે. ભવાઈ જીવશે ત્યાં સુધી આ પ્રવૃત્તિ સદાય ચાલતી રહેશે.

ગુજરાતી વિષય અને વિજ્ઞાન સાથે અનુબંધ બાંધી શકાય તે માટે મલ્ટીમિડીયા એઈડઝનો આધુનિક ભવાઈ વેશ શિક્ષણમાં અસરકારક બની શક્યો છે. આમ બહુ માધ્યમ સંપુટ થકી શિક્ષણમાં સંશોધન કરીને ભવાઈ ક્ષેત્રે મહત્વનું પ્રદાન થઈ શકે છે. શિક્ષણમાં આવા આધુનિક મલ્ટીમિડિયા દ્વારા નવતર પ્રયોગ થાય તો વિદ્યાર્થી આલમમાં તેની અસરકારકતા વિશેષ થઈ શકે છે. વિદ્યાર્થીઓમાં જ્ઞાનની, જાગૃતિની વૃદ્ધિ થઈ શકે છે. જ્ઞાનનો-શિક્ષણનો બહોળો ફેલાવો થઈ શકે છે. બહુ માધ્યમ દ્વારા ભવાઈ વેશ ભજવીને તે આશીર્વાદરૂપ બની શકે છે. વિદ્યાર્થીઓમાં નાટ્ય તાલીમ આપી શકાય છે. પોસ્ટરો કે ચિત્રો દ્વારા તે રજૂ કરી શકાય છે. દશ્ય-શ્રાવ્યના સાધનો દ્વારા પણ ભવાઈ વેશો ભજવી-બતાવી શકાય છે. આજે શિક્ષણની ક્ષિતિજો વિસ્તરી છે. નવી નવી દિશાઓ સર કરવા માંડી છે. ત્યારે આ ભવાઈ વેશોનો શિક્ષણમાં વિનિયોગ કરવામાં આવે તો અસરકારક બની શકે છે.

સંદર્ભ ગ્રંથ-સૂચિ:

(૧) ભવાઈનું નાટ્યશાસ્ત્ર - ડૉ. તપસ્વી નાન્દી

(૨) આપણું લોકસાહિત્ય - જયમલ્લ પરમાર

(૩) ભવાઈમાં એલીયેશન - ભાનુપ્રસાદ ઉપાધ્યાય

(૪) આપણું લોકનાટ્ય ભવાઈ - ભાનુભાઈ નાયક

(૫) લોકરંજન ભવાઈ - જનક દવે

(૬) ભવાઈ - ડૉ. સુધાબેન દેસાઈ

❑❑❑

'વ્યથાનાં વીતક' - જૉસેફ મૅકવાન દીનદલિતપીડિત દર્શનનું નિરૂપણ

ડૉ. સુધા વ્યાસ
Somaiya College, Vidyavihar

ગુજરાતી સાહિત્યમાં નરસિંહરાવના 'સ્મરણમુકુર'માં, કનૈયાલાલ મુનશીના 'કેટલાક લેખો'માં તથા લીલાવતી મુનશીના 'રેખાચિત્રો'માં ચરિત્રાત્મક નિબંધનાં દૃષ્ટાંતો જોવા મળે છે. સ્વામી આનંદના ચરિત્ર નિબંધોમાં ગુજરાતી ચરિત્રનિબંધોનું એક ઊંચું શિખર સર થયેલું જણાય છે. ત્યાર બાદ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના 'નામરૂપ'માં તદ્દન નવી દિશામાં ચરિત્ર નિબંધનું ખેડાણ થયેલું પ્રાપ્ત થાય છે.

ગુજરાતી સાહિત્યમાં કવિતા, વાર્તા, નવલકથા, નિબંધ વગેરેમાં દીનદલિત પીડિતદર્શન તો દાયકાઓથી નિરૂપાતું જોવા મળે છે. દલિત સમાજમાં જ ઊગીને ઊભા થયેલા, એમાંના જ એક બનીને જીવેલા શ્રી જૉસેફ મૅકવાનની કલમમાં અનુભવની સચ્ચાઈનો જેવો સૂર છે એવો એ વિશે લખનારા ઉજળિયાત સર્જકોના લખાણમાં બહુ ઓછા જોવા મળે છે. જૉસેફ મૅકવાન કેટકેટલા વિતકોના સાક્ષી છે. શ્રી મૅકવાને પોતાના સમગ્ર અસ્તિત્વથી જે પાત્રો, વાતાવરણ, પ્રસંગો અનુભવ્યા છે, આસ્વાદ્યા છે, આત્મસાત કર્યાં છે, જેની એકરૂપતા અનુભવી છે; જે કંઈ પોતાના રક્તમાંસ આત્મામાં ઓગાળી દીધું છે, તેને જ પોતાની કલમ દ્વારા અભિવ્યક્ત કર્યું છે. 'વ્યથાનાં વીતક'નાં રેખાચિત્રો ગુજરાતી સાહિત્યમાં અવનવી ભાત પાડે છે. શ્રી જૉસેફે 'વ્યથાનાં વીતક'માં જિંદગીના વિવિધ રૂપોનું આલેખન કર્યું છે જેમાં વાત્સલ્યભાવ અને ભોળપણની સાથે ટીખળનો સૂર સંભળાય છે. પ્રધાનપણે પ્રત્યેક પાત્ર કોઈ ને કોઈ પ્રકારના વહેણના વમળમાં ધબકતું જોવા મળે છે. લેખકે આ બધાં પાત્રો, પ્રસંગો અને વાતાવરણ જેવું જોયું છે, અનુભવ્યું છે તેવું જ નિખાલસતાથી આલેખ્યું છે.

પ્રથમ રેખાચિત્ર 'હતી ત્યારે મારે ત્રણ ત્રણ મા હતી?'માં આપણને લેખકની સગી મા - સાવકી મા અને માના અબળખા પૂરવાના પ્રયાસો કરનાર લાડુભાભી, લેખકના કુમળા હૈયામાં સ્ત્રી માત્ર પ્રત્યે તિરસ્કારનું વારણ કરનાર લાડુ ભાભી. તેથી જ તેઓ કહે છે... 'મને મોકો મળે તો હું મારી જન્મદાત્રીને પરહરી, મારી મા તરીકે લાડુને જ બોટી લઉં.' (પૃ. ૧૭) મા, દાદી, કાકા, કાકી, ફોઈ, ભાઈ, હેતા આ બધા સ્વજનોએ શ્રી જૉસેફના બાળપણના જીવનમાં શો પ્રભાવ પાડ્યો હતો તે સ્પષ્ટ થાય છે. તેમણે સંયમ સાથે સ્વજનોના ગુણદોષનું નિરૂપણ કર્યું છે, સાચુકલા પાત્રોનું સચ્ચાઈ સાથે ચિત્રણ થયું છે. આ તમામ રચનાઓમાં સત્યનિષ્ઠાનો ગુણ જોવા મળે છે પરંતુ ક્યાંય જૉસેફનો અહમ્ આલેખનમાં આડો આવ્યો નથી. પોતાની સિદ્ધિની, ગુણની કોઈ ડંફાસ વ્યક્ત કરી નથી. 'હું' ને ગાળી નાખીને 'હું'નું નિરૂપણ થયું છે. લેખક પોતે જ કહે છે હું જે છું તે મારા સર્જનમાં જ વ્યક્ત થઈ રહ્યો છું. (પૃ. ૩૧) કલાગત સભાનતાથી થયેલ સચ્ચાઈભર્યાં આલેખનની પ્રતીતિ પ્રત્યેક પૃષ્ઠ કરાવે છે. લગભગ બધી જ રચનાઓનો મુખ્ય રસ છે કરુણ - છતાં પટાક કાકા, જીવી કાચી, ગોરધન વગેરેના ચરિત્ર-ચિત્રણમાં પ્રસંગોપાત હાસ્યરસની લહેરી પણ સાંપડે છે. 'એક વાતે જીવી કાચી ગાંધીજીની તોલે આવતાં' (પૃ. ૪૪) વાક્યમાં રહેલો વ્યંગ વેધક બની રહે છે. ગોરધન જીવી કાચીને ત્રાગાં કરીને સીધાં દોર કરે છે, તેમાં હાસ્યરસ છે. પટાક કાકા હાસ્યરસનું અવલંબન બને છે પરંતુ બીજી બાજુ એમના જીવનની કરુણતા હૃદયસ્પર્શી બની રહે છે. ઉકમલ્લના મલ્લ વિદ્યા કે જાદુના પ્રયોગોમાં અદભુત રસની સેર જોવા મળે છે. બીજી બાજુ હેતા, શામળી, ડાહી એની ભાભી ઈત્યાદિ વસવાયા કોમની યુવતીઓ સાથે અવૈધ કામ સંબંધના પ્રસંગો ઉપસ્થિત કરનારા ઉજળિયાતોનું ચિત્રણ કરીને શૃંગાર રસનું નિરૂપણ કર્યું છે. 'વ્યથાનાં વીતક'માં આલેખાયેલ રેખાચિત્રોમાં વિવિધ રસોની છોળો ઊડતી જોવા મળે છે. પરંતુ એનો મુખ્ય રસ તો કરુણ જ છે, જે શીર્ષકને સાર્થક કરે છે.

સર્વે પાત્રો વસવાયા કોમનાં, દીનદલિતપીડિત સમાજના સામાન્ય માનવો છે જેમની તરફ સમાજમાં ભાગ્યે જ કોઈનું ધ્યાન ખેંચાય, પણ એમના જીવનની કથનીઓ, વ્યથાનાં વીતકો અસામાન્ય છે, જેની પ્રતીતિ મૅકવાન કરાવી રહ્યા છે. લેખકે સામાન્ય માણસમાં રહેલ 'અસામાન્ય'ને પ્રગટ કર્યું છે. મૅકવાનની ખરી મા બની રહેનાર કાકી, લાડુભાભી, બહેનથીય વધુ હેત રાખનાર ઊગતી વયે 'નંદવાઈ' ગયેલી હેતા, અનેક વિદ્યાના જાણકાર પરોપકારનું જીવન જીવનારા ભવાન ભગત, લોકહિતાર્થે આંબા ઉગાડવા કાળી મજૂરી કરતા નિઃસ્પૃહી મેજર કાકા, મગનના મોતના સમાચાર જાણી રસ્તામાં ચૂડી ફોડતી લક્ષ્મી. આ બધાં જ પાત્રોમાં માનવતા જોવા મળે છે. બીજી બાજુ માને છેતરીને પૈસા ઉડાવતો, ત્રાગાખોર ગોરધન, પત્નીની હયાતીમાં અન્ય સ્ત્રી સાથે સંબંધ બાંધનાર અને સગી

માના મૃત્યુના થોડા કલાકોમાં જ લગ્ન માટે ઉઘલતા જૉસેફના પિતા, હેતા, લક્ષ્મી, શામળી વગેરેને પજવતાં ઉજળિયાતો આ રચનાઓના અસદ્ પાત્રો છે. લેખકના મિત્રો મગન, સતિયો અને બહેરીનો મિત્રપ્રેમ વિવિધ રંગ પૂરવાનું કામ કરે છે. આ તમામ રચનાઓમાં પાત્ર વૈવિધ્ય ખાસ ધ્યાન ખેંચે છે. આ તમામ પાત્રોમાં રહેલ 'અસામાન્ય' રજૂ કરી જૉસેફ કૃતિને વધુ આસ્વાદ્ય બનાવી શક્યા છે.

આ રેખાચિત્રોના નિરૂપણમાં જૉસેફ વર્ણન, કથન અને સંવાદની પરંપરાગત શૈલી અપનાવી છે. લેખકની વર્ણનશૈલી ચિત્રાત્મક છે, જીવંત છે અને ધાર્યું નિશાન તાકનારી છે. ખૂબ જ ઓછા શબ્દોમાં લેખક વસ્તુ, પ્રસંગ કે પાત્રને તાદશ કરે છે જેના ઉત્તમ નમૂનાઓ 'વ્યથાનાં વીતક'ને પાને પાને નજરે ચડે છે. લેખકે વ્યક્તિઓના વર્ણનો ઊડીને આંખે વળગી રહે તેવાં કર્યાં છે. 'હેઝલ પદમણી'નો આરંભ રૂડા હજામના વર્ણનથી થાય છે.

'બે વાઘ ધરાય એવડો દેહ, માથે નેવાં અડે એવડી ઊંચાઈ, આંટાળું ફાળિયું છાતીએ ઢાલ ધરતું હોય એવું લાલ ભરતવાળું ચારકસું કેડિયું, ઢીંચણ સમાણી ધોતી, લાલાશ ઘેરી આંખો... રૂડો હજામ પહેલ-વહેલો લીંબડિયોમાં આવી ઊભો ત્યારે અમે છોરાંવ એને 'કાકુ મકરાણી' માની બેઠેલાં. (પૃ. ૭૨)

'ગોરા ગોરા એના મુખડે ખંજનની અણી ઊપસતી ત્યાં કોક પારખુ રસિયાએ ઝીણાં ઝીણાં છ પાંદડીવાળાં બે છૂંદણમાં આકારેલાં ને એની રૂપકડી ઠોડીની વચાળે ત્રીજું છૂંદણું.' (પૃ. ૭૪)

હેઝલનું વર્ણન પણ મનહર બન્યું છે. ખુશાલ કાકાનું નામ શી રીતે 'પટાક કાકા' પડ્યું, તે મૂળ પ્રસંગનું વર્ણન તથા પટાક કાકા ભવાયાઓ ઉપર શી રીતે વરસી પડીને ત્રાટકેલા એ પ્રસંગોના વર્ણનોમાં પણ લેખકની વર્ણનકલાનો વિજય અનુભવી શકાય છે. 'શામળી'માં શામળીનું વર્ણન હૃદયસ્પર્શી બની રહે છે. 'એનું નામ શામળી. હશે શ્યામ, પણ દેખાવે-ડિલે એવી રૂડી દીસે કે એનું હુલામણું નામ જ શામળી થઈ ગયેલું. (પૃ. ૮૪)

સીધી સાદી, સરળ, તળપદી લોકબોલીમાં લેખક ક્યારેક પાત્રને, પ્રસંગને વર્ણવવાની વિશિષ્ટ ફાવટ ધરાવતા જણાય છે. લેખકને નવી માની કેડે ચડતા મનુએ રોક્યો, ને તે પળે જસ્યાને 'માવાળી એ જ જગ્યાનું' સ્મરણ થયું. એ પ્રસંગનું વર્ણન વાચકના હૈયાને હચમચાવી મૂકે તેવું થયું છે. (પૃ. ૩) મા, દાદી, કાકા વગેરેના મૃત્યુના પ્રસંગોને લેખકે આંસુમાં કલમ ઝબોળીને નિરૂપ્યા છે.

'સૌભાગ્ય એનું નહીં, સૌભાગ્ય તો અમારા કૂવાનું લૂંટાઈ ગયું હતું.' (પૃ. ૯૫) 'ને તમારા ઘરનો આ દીવો' (પૃ. ૨૦૧) ક્યારેક એકાદ વાક્યના વર્ણનથી કે પરિસ્થિતિના ચિતારથી લેખક ભાવકના ચિત્તને સ્પર્શી જાય છે. લેખકની શબ્દશક્તિનો પૂરો લાભ આ રેખાચિત્રોના વર્ણનોને મળ્યો છે એમાં સંખ્યાબંધ ઉદાહરણ આપી શકાય તેમ છે.

લેખક પોતે જ્યાં કથન કરે છે, ત્યાં મોટેભાગે પોતાની શિષ્ટ ભાષા પ્રયોજે છે. ક્યારેક તળપદા લોકબોલીના શબ્દોના ઉચિત પ્રયોગ સાથે જ સંસ્કૃત શબ્દનો ઉપયોગ કરે છે, ત્યારે તે રુચિકર લાગતું નથી. દા.ત. 'કર્ણફૂલથી ઠોડી સુધીનો.' લોભામણું. છતાં ભાષા પાસેથી અસાધારણ કામ લેવામાં જૉસેફને ભારે સફળતા મળી છે. અહીં ભાષાને લીધે જ સચોટતા નજરે ચડે છે.

વસ્તુની દૃષ્ટિએ જોતા આ રચનાઓમાં આકસ્મિક ઘટનાઓ ઘણી જોવા મળે છે. આત્મહત્યા, અપમૃત્યુ વગેરે લક્ષ્મીને લેખક અનાયાસે બિલિમોરાના સ્ટેશન પર મળી જાય છે. તો રૂથને ઈન્દોરની હોટલમાં વર્ષો પછી અનાયાસે મળે છે. ગિરનાર યાત્રામાં અચાનક જ તેમની નાયણ બાજિયા સાથે મુલાકાત થઈ જાય છે. અનાયાસે જ અગ્નિદાહ દેવાનો પ્રસંગ ઊભો થતાં એ લાવારિશ લાશ ઉકમલ્લની છે એનું ભાન થતાં જૂનાં સ્મરણો જાગે છે. લેખકની સગી મા, કાકા, ભાઈ, પટાક કાકા, જીવી કાચી, પની ભાભી જેવા કેટકેટલા પાત્રોના કુદરતી મોત થાય છે. તો લાડુ, હેતા, હેઝલ, શામળી, રૂથ જેવા પાત્રો અપમૃત્યુને અથવા જીવંત મોતને પામે છે. આ બધી જ રચનાઓમાં આકસ્મિક ઘટનાઓનો સવિશેષ આશ્રય લેખકે લીધો છે. આ રજૂઆત લેખકના યથાર્થ જીવનની જ છે એટલે લેખકની સચ્ચાઈમાં શ્રદ્ધા મૂકવી જ પડે.

'મારેય મા નથી' જેવું સીધું સાદું કથન પણ હૃદયસ્પર્શી બની રહે છે. પોતાની સગી મા હીરા વિશેનું એવું જ ચોટદાર વિધાનઃ 'એ ઘરનો 'હીરો' હતો'. (પૃ. ૨) 'ન્યાયના આ આખા નાટક ટાણે પાદરી સાહેબ બગલમાં બાઈબલ દબાવી 'સાચા સાક્ષી' રૂપે ત્યાં ઊભા હતા?' (પૃ. ૫૨) લેખકે પાત્ર કે પ્રસંગનું આલેખન કરવામાં કથન, વર્ણનની મદદ લીધી છે એમાં એમણે ચિત્રાત્મકતા, ઈન્દ્રિય સંવેદ્યતા અને સચોટતા અનાયાસે સાધી છે.

જૉસેફે યોજેલા સંવાદો સ્વાભાવિક, લાક્ષણિક, ચોટદાર, ટૂંકા ને ધારી અસર કરનારા બની રહે છે. 'બહેરું આયખું : મૂંગી વ્યથા'માં બહેરી ડાહી મૂંગી હોવા છતાં એના ભાઈ-ભાભી તથા જસ્યા સાથે કેવો સંવાદ સાધે છે. (પૃ. ૨૦૪-૨૦૭-૨૧૦) ભવાન કાકા અને મેનેજર કાકાના સંવાદો, જેઠા કાકાના અન્ય પાત્રો સાથેના સંવાદોમાં લેખકની કલાસૂઝનો સુભગ પરિચય થાય છે. અનિવાર્ય લાગ્યું ત્યાં જ લેખકે સંવાદો યોજ્યા છે. કેટલીકવાર જેવા એકાદ 'હેતા નંદવાઈ ગઈ.'માં 'નંદવાઈ' શબ્દની વ્યંજના ભાવકને

સ્તબ્ધ કરી દે છે. 'મા તરીકે લાડુને ખોટી લઉં.' વાક્યમાં 'ખોટી' શબ્દ કેટલો બધો સાર્થક બની રહે છે. હરામહાડકા ધરાવતા પોતાના બાપ માટે 'ઊભા દરિયા' શબ્દ પણ અસરકારક રીતે પ્રયોજ્યો છે. કોઈપણ પુત્ર માતાના મૃત્યુના થોડાક કલાક પછી મનગમતી યુવતી સાથે લગ્ન કરવા જાય ત્યારે આવા પુત્ર તરફ કોને સમભાવ જાગે? આવો કોઈ પુત્ર હોઈ શકે ખરો? પણ આ વાત લેખકના પિતાની જ છે એ જાણ્યા પછી વાચક કે ભાવકને કોઈ અસંગતતા જણાતી નથી.

શ્રી દિલીપ રાણપુરાએ પ્રસ્તાવનામાં જણાવ્યું છે: 'કલ્પના જગતમાં જ ઘટી શકે એવી આ સાચુકલી ઘટનાઓ હૈયા સોંસરવી ઊતરી જાય છે, ને ત્યારે થાય છે. નિયતિ પણ કલ્પનાઓ ઊણી ઉતરે એવો ખેલ ખેલે છે, એની જાણ કેટલાને હોય છે?' (પૃ. ૧૨) "Truth is stranger than Fiction.' નવલકથા કે વાર્તામાં જો આટલા બધા અકસ્માતો, મૃત્યુ-અપમૃત્યુ યોજાય, તો કથાકારની મર્યાદા ગણાય પરંતુ આ તો સાચી કથાઓ, સાચા પાત્રો અને સાચા પ્રસંગો છે. લેખકે લાગણીના યથાર્થને, યથાતથ નિરૂપણના દૃઢ અભિગમથી અભિવ્યંજિત થવા દીધો છે. ભાવકને કલ્પનાના ઉદ્દયનો હોવાની લેશમાત્ર શંકા જાગતી નથી.

લેખક જીવનલક્ષી સાહિત્યના ઉપાસક છે. આધુનિક સાહિત્યની કોઈ વિશિષ્ટ વિભાવનાનો સ્પર્શ એમણે સ્વીકાર્યો નથી. સમાજલક્ષી, જીવનલક્ષી, પ્રતિબદ્ધતા આ રેખાચિત્રોનાં સર્જનમાં એમને ક્યાંય આડે આવી નથી. શોષણ, સામાજિક અસમાનતા, અન્યાય સામેનો આક્રોશ ક્યાંક પ્રગટ થયો છે, પરંતુ ક્યાંય પ્રચારલક્ષી નિરૂપણ લેખકે કર્યું નથી. ગુજરાતના દીનદલિતપીડિત સમાજનું યથાર્થ દર્શન લેખકે કરાવ્યું છે. દલિત કોમમાં પણ જાતિગત ભેદ, અજ્ઞાન, વહેમ, અસમાનતા, શોષણ કેવા ઘર કરી ગયાં છે, તે લેખકે તટસ્થતાથી રજૂ કર્યું છે.

'ભગવાનનું માણહ'માં વસવાયા કોમના જ, પણ ઈસુને શરણે જઈ ખ્રિસ્તી થયેલા પાદરી, વાસ્તવમાં, વ્યવહારમાં અસ્પૃશ્યતાને પોષીને સાચા અર્થમાં ભગવાનનું માણહ બની શકતા નથી. લેખકના બાળસાથી સતિયાને નિશાળમાં સૌથી છેવાડે, સૌથી જુદા બેસીને જ ભણવું પડે છે. લેખકને લાડુ વહાલ કરી શકે, પણ જરૂરિયાતે હેતા ખવડાવતી હોય ત્યારે લાડુને ચોકી કરવી પડે. રખેને, કોઈ જોઈ જાય તો? આ રેખાચિત્રોમાં નિમ્નવર્ગના લોકોનાં યાતના, વિષાદ, વેદના વગેરે અભિવ્યંજિત થાય છે. એ સમાજનું દર્શન કરાવવામાં લેખકને સફળતા વરી છે.

સમગ્ર દૃષ્ટિએ જોતાં 'વ્યથાનાં વીતક' સાચા અર્થમાં વ્યથાનાં વીતક બની રહીને ભાવકના હૈયાને હચમચાવી મૂકે છે. શ્રી નીરવ પટેલે કહ્યું છે: 'જૉસેફની આ વાતો આપણને ઘોઘરેથી ઝાલે, છાતીએ ડૂંદે, ફફડિયે રૂંધે, તો ક્યારેક વળી વાતોમાં વાત આવે: રાન-રાન ને પાન-પાન થતા અણમાનીતી રાણીના બત્રી લખણાં કુંવરની... જોતાં ભલભલાના વા વછૂટી જાય એવી કૂણા કાળજા ખાવાની બાધા માનેલી ચૂડેલની, ભવાનભગતને મોઢે કહેવાતી આ ભેદી વાત સાંભળવા બેઠેલાં ટાબરિયામાં આપણો લેખક જૉસેફદાદો પણ છે (પૃ. ૧૭). લાગણીસભર યથાર્થ જીવનનાં યથાર્થને નિરૂપવામાં લેખક સફળ રહ્યા છે. લેખક ક્યાંય પણ લાગણી વેડામાં સરી પડ્યા નથી. તેથી જ આ રેખાચિત્રો ગુજરાતી સાહિત્યનું અણમોલ ધન બની રહે છે. પાત્રો લેખકના હાથની કઠપૂતળી બન્યાં નથી. એ પાત્રો પોતાની મેળે જ પ્રગટેલાં જણાય છે. ભાવકના કથારસને પોષતાં આ રેખાચિત્રો લેખકની સ્વયંભૂ સિસૃક્ષાનાં પરિચાયક બની રહે છે. મનુષ્યજીવન સાથેના સીધા ગાઢ નાતામાંથી જ એમની સર્જકપ્રતિભા પાંગરતી રહે છે.

અંતે જીવનકથા, આત્મકથા, સંસ્મરણો અને રેખાચિત્રો એક જ વિભાગમાં આવતા સાહિત્ય સ્વરૂપો છે. પૂર્વગ્રહ મુક્ત આલેખન સત્ય, નિખાલસતા, નિર્ભયતા અને સમભાવ, પ્રસંગોની પસંદગીમાં વિવેક અને નિર્ણયશક્તિ વગેરે રેખાચિત્રકાર પાસે રાખવામાં આવતી અપેક્ષાઓ 'વ્યથાનાં વીતક'માં સંપૂર્ણપણે સંતોષાયેલી જોવા મળે છે.

સંદર્ભ સૂચિ:

(૧) વ્યથાનાં વીતક - જૉસેફ મૅકવાન, પ્રકાશક: આર. આર. શેઠની કંપની, મુંબઈ-૪૦૦ ૦૦૨ - અમદાવાદ-૩૮૦ ૦૦૧. પુનર્મુદ્રણ-૨૦૦૫.

(૨) ગુજરાતી દલિત સાહિત્ય, સંપાદક: હરીશ મંગલમ્ અને મોહન પરમાર, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

(૩) દલિત વિમર્શ - દિનવણકર, ગુર્જર ગ્રંથાલય, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

(૪) પ્રતિબદ્ધ, ડૉ. ભરત મહેતા, રાવલ પ્રકાશન, પાટણ.

❑❑❑

स्वातंत्र्योत्तर हिन्दी नाटक : स्त्री पुरुष संबंध

डॉ. प्रज्ञा शुक्ल
Head of Dept. Hindi MNWC

'स्त्री-पुरुष संबंध' मानवीय जीवन का एक अत्यंत महत्वपूर्ण पक्ष है । सृष्टि का अस्तित्व ही स्त्री-पुरुष के संबंधो पर निर्भर करता है । स्वातंत्र्योत्तर काल में विशेष रूप से साठोत्तर काल में नारी की मानसिकता एवं समाज, परिवार में उसकी स्थिति में परिवर्तन आने से स्त्री-पुरुष संबंधों में क्रान्तिकारी परिवर्तन आए हैं ।

व्यक्ति का अपने परिवेश से अभिन्न संबंध है । डिक्शनरी ऑफ बिहेवियरल साइन्स के अनुसार ''परिवेश सामाजिक एवं भौतिक घटकों सहित बाह्य स्थितियों का कुल योग है जो एक जीव-रूपी व्यवस्थित तंत्र को प्रभावित करने की सामर्थ्य रखता है ।''(१) व्यक्ति एवं परिवेश दोनों एक-दूसरे को प्रभावित करते हैं । वैयक्तिक चेतना अपने परिवेशगत प्रभावों से ही निरंतर परिवर्तित होती रहती है । नेमिचन्द्र जैन के शब्दों में ''हमें अपनी जिन अनुभूतियों और व्यक्तिगत संवेदनाओं को सर्वथा व्यक्तिगत मानने का अभ्यास है, वे वास्तव में हमारे व्यक्तित्व के प्रकृतिके साथ, अपने सामाजिक परिवेश के साथ संघर्ष या घात-प्रतिघात का परिणाम है ।''(२) मनुष्य चाहे वह स्त्री हो या पुरुष, उसकी मानसिकता की निर्मिति के लिए सामाजिक परिवेश, पारिवारिक एवं व्यक्तिगत परिस्थितियों, संस्कार तथा मूल्य समान रूप से उत्तरदायी हैं । परिवेश वह सब है जिससे व्यक्ति घिरा रहता है और जो उसे प्रभावित करता है । यह प्रभाव शारीरिक, मानसिक, आत्मिक किसी भी स्तर पर हो सकता है । हमारे आसपास का जीवन, विभिन्न सामाजिक राजनैतिक, आर्थिक, मनोवैज्ञानिक स्थितियाँ, हमारे मूल्य, हमारे संस्कार सभी मिलकर परिवेश का निर्माण करते हैं ।

साहित्य और परिवेश परस्पर घनिष्ठ रूप से संबद्ध हैं । साहित्य, जिसमें कि मानवीय चेतना का ही प्रतिफलन होता है, परिवेश से गहरे तक प्रभावित होता है । डॉ. सम्पूर्णानन्द ने सही कहा है, ''साहित्य का संबंध व्यक्ति और राष्ट्रीय जीवन से है । साहित्यकार शून्य में रचना नहीं करता । जगत की परिस्थितियों से प्रभावित हुए बिना वह रह नहीं सकता, इसीलिए कि वह स्वयं जगत का ही एक अंग है ।''(३) ''साहित्यकार कभी अपने परिवेश को नकार नहीं सकता, क्योंकि यह परिवेश ही उसकी सर्जना का प्रेरक होता है, जिस परिवेश में वह जीता है ।''(४) परिवेश, व्यक्ति के माध्यम से साहित्य को प्रभावित करता है । परिवेश, साहित्य में चित्रित होता है एवं साहित्य, परिवेश में अनेक परिवर्तनों का कारण बनता है । परिवेश से कटकर कोई भी साहित्यकार सच्चे व समर्थ साहित्य की रचना नहीं कर सकता । किसी भी युग के साहित्य को समझने के लिए किसी साहित्यिक विद्या के विकास व उसमें उभरनेवाली नवीन प्रवृत्तियों आदि को समझने के लिए उन्हें तत्कालीन परिवेश के संदर्भ में रखकर देखना ही उचित है । राजेन्द्र यादव के शब्दों में ''वह (साहित्य) अपने काल का प्रतिबिम्ब होता है, जो भाव और विचार लोगों के हृदय को स्पंदित करते हैं, वही साहित्य पर भी अपनी छाया डालते हैं ।''(५) साहित्य, विशेष रूप से नाटक, अपने युग का, युगीन यथार्थ का प्रामाणिक दस्तावेज होता है । स्वातंत्र्योत्तर नाटकों में जीवन सन्दर्भ सामयिक परिवेश से सीधे ले लिये गये हैं, जिनमें परिवार, संबंधों में बिखराव एवं टूटते मानवीय संबंधों की व्याख्या, व्यक्तिचेतना या स्वातंत्र्य-बोध के रूप में अभिव्यक्त हुई है । मोहन राकेश ने सामाजिक परिवेश की चर्चा करते हुए लिखा था - ''निरंतर कुलबुलाते और संघर्ष करते सामाजिक पार्श्व का एक व्यापक भाग अछूता रहा, जिसकी पहचान और पकड़ हमारे लेखकीय दायित्व का महत्वपूर्ण अंग है ।''(६)

જીવનસાથીની પસંદગીમાં ધ્યાનમાં રાખવામાં આવતી બાબતો

ક્રમ	વિગત	ઉતરતો ક્રમ (ટકા)								અગ્રિમતા આપી નથી	
		૧	૨	૩	૪	૫	૬	૭	૮	સંખ્યા	ટકા
૧.	વ્યક્તિનું કુટુંબ	૨૩	૧૦	૫	૮	૧૬	૧૯	૧૯	૦	૬૨	૧૦૦
૨.	શિક્ષણ	૧૭	૩૦	૧૬	૧૮	૧૦	૮	૧	૦	૩૭	૧૦૦
૩.	દેખાવ	૪	૭	૨૦	૨૯	૨૫	૧૩	૨	૦	૬૯	૧૦૦
૪.	આવક	૧૧	૧૨	૨૨	૧૯	૧૬	૧૨	૮	૦	૫૫	૧૦૦
૫.	નોકરી-વ્યવસાય	૨૪	૨૭	૨૦	૧૧	૧૪	૪	૦	૦	૨૯	૧૦૦
૬.	કુટુંબની પ્રતિષ્ઠા	૧૬	૯	૧૦	૮	૧૫	૨૪	૧૮	૦	૬૫	૧૦૦
૭.	શારીરિક સૌષ્ઠવ	૫	૫	૭	૭	૪	૨૦	૫૨	૦	૮૩	૧૦૦
૮.	અન્ય	૦	૦	૦	૦	૦	૦	૦	૦	-	-

જીવનસાથીની પસંદગીમાં ઉત્તરદાતાઓએ વિવિધ અગ્રિમતા દર્શાવી છે.. એમાંથી મુખ્ય ત્રણ અગ્રિમતાઓ જોતા,

વ્યક્તિનું કુટુંબ:

મારા ૬૨ ટકા ઉત્તરદાતાઓએ આ બાબતને કોઈ અગ્રિમતા આપી નથી. જ્યારે ૩૮ ટકા ઉત્તરદાતાઓએ વિવિધ અગ્રિમતા આપી છે. જેમાંથી ૨૩ ટકા ઉત્તરદાતાઓએ પ્રથમ, ૧૦ ટકા ઉત્તરદાતાઓએ દ્વિતિય અને ૫ ટકા ઉત્તરદાતાઓએ તૃતીય અગ્રિમતા આપી છે.

શિક્ષણ:

૩૭ ટકા ઉત્તરદાતાઓએ શિક્ષણને કોઈ અગ્રિમતા આપી નથી. જ્યારે ૬૩ ટકા ઉત્તરદાતાઓએ વિવિધ અગ્રિમતા આપી છે. જેમાંથી ૧૭ ટકા ઉત્તરદાતાઓએ પ્રથમ, ૩૦ ટકા ઉત્તરદાતાઓએ દ્વિતીય અને ૧૬ ટકા ઉત્તરદાતાઓએ તૃતીય અગ્રિમતા દર્શાવી છે.

દેખાવ:

વ્યક્તિનો શારીરિક દેખાવ કેવો છે તે બાબત પણ જીવનસાથીની પસંદગીમાં મહત્વની બને છે. આ અંગે મારા ૬૯ ટકા ઉત્તરદાતાઓએ કોઈ અગ્રિમતા આપી નથી. જ્યારે ૩૧ ટકા ઉત્તરદાતાઓએ વિવિધ અગ્રિમતા આપી છે. જેમાં ૪ ટકા ઉત્તરદાતાઓએ આ બાબતને પ્રથમ, ૭ ટકા ઉત્તરદાતાઓએ દ્વિતિય અને ૨૦ ટકા ઉત્તરદાતાઓએ તૃતીય અગ્રિમતા દર્શાવી છે.

આવક:

ગારા ૫૫ ટકા ઉત્તરદાતાઓએ આવકને કોઈ અગ્રિમતા આપી નથી. જ્યારે ૪૫ ટકા ઉત્તરદાતાઓએ વિવિધ અગ્રિમતા આપી છે. જેમાંથી ૧૧ ટકા ઉત્તરદાતાઓએ પ્રથમ, ૧૨ ટકા ઉત્તરદાતાઓએ દ્વિતીય અને ૨૨ ટકા ઉત્તરદાતાઓએ તૃતીય અગ્રિમતા આપી છે.

નોકરી-વ્યવસાય:

વર્તમાન સમયમાં મોંઘવારીના લીધે હવે નોકરી-વ્યવસાય કરતી વ્યક્તિને જીવનસાથીની પસંદગીમાં પ્રથમ અગ્રિમતા અપાતી થઈ છે, ત્યારે તે અંગે જોતાં ૨૯ ટકા ઉત્તરદાતાઓએ આ બાબતને કોઈ અગ્રિમતા આપી નથી જ્યારે ૭૧ ટકા ઉત્તરદાતાઓએ વિવિધ અગ્રિમતા આપી છે. જે પૈકીની ૨૪ ટકા ઉત્તરદાતાઓએ પ્રથમ, ૨૭ ટકા ઉત્તરદાતાઓએ દ્વિતિય અને ૨૦ ટકા ઉત્તરદાતાઓએ તૃતીય અગ્રિમતા આપી છે.

કુટુંબની પ્રતિષ્ઠા:

સમાજમાં વ્યક્તિના કુટુંબની કેટલી પ્રતિષ્ઠા છે તે બાબત પણ જીવનસાથીની પસંદગી ઉપર અસર કરે છે. આ બાબતને મારા ૬૫ ટકા જેટલા ઉત્તરદાતાઓએ કોઈ અગ્રિમતા ન આપતા માત્ર ૩૫ ટકા ઉત્તરદાતાઓએ જ વિવિધ અગ્રિમતા આપી છે. જેમાંથી ૧૬ ટકા ઉત્તરદાતાઓએ પ્રથમ, ૯ ટકા ઉત્તરદાતાઓએ દ્વિતિય અને ૧૦ ટકા ઉત્તરદાતાઓએ તૃતીય અગ્રિમતા આપી છે.

શારીરિક સૌષ્ઠવ:

કુલ ઉત્તરદાતાઓ પૈકીના ૮૩ ટકા ઉત્તરદાતાઓ શારીરિક સૌષ્ઠવને કોઈ અગ્રિમતા આપતા નથી. જ્યારે માત્ર ૧૭ ટકા ઉત્તરદાતાઓ જ વિવિધ અગ્રિમતા આપે છે. જેમાંથી ૫ ટકા ઉત્તરદાતાઓએ પ્રથમ, ૫ ટકા ઉત્તરદાતાઓએ દ્વિતીય અને ૭ ટકા ઉત્તરદાતાઓ તૃતીય અગ્રિમતા આપે છે.

આમ ઉત્તરદાતાઓએ આપેલી માહિતી ઉપરથી એમ જણાય છે કે મારા અભ્યાસ હેઠળની જાતિમાં જીવનસાથીની પસંદગી કરવામાં સૌથી વધારે મહત્વ નોકરી-વ્યવસાયને આપવામાં આવે છે. ત્યારબાદ શિક્ષણ, આવકને મહત્વ આપવામાં આવે છે. ત્યારબાદ ક્રમશઃ વ્યક્તિનું કુટુંબ, કુટુંબની પ્રતિષ્ઠા અને છેવટે શારીરિક સૌષ્ઠવને મહત્વ અપાય છએ. શિક્ષણ વધતાં એમાં બદલાવ આવ્યો છે.

જીવનસાથીની પસંદગી:

ભારતીય સમાજમાં જીવનસાથીની પસંદગી માટે પ્રત્યેક સમુહમાં વિશિષ્ટ રીતિ હોય છે.

ઉત્તરદાતાઓના જીવનસાથીની પસંદગીની રીત અંગે પૂછતાં,

ટેબલ-૧૩

ઉત્તરદાતાઓના સમુદાયમાં જીવનસાથીની પસંદગી

ક્રમ	વિગત	સંખ્યા	ટકા
૧.	વડીલ યોજીત	૦૭	૦૭
૨.	સ્વ-પસંદગી	૦૨	૦૨
૩.	સ્વ-પસંદગી અને માતા-પિતાની સંમતિ	૯૧	૯૧
	કુલ	૧૦૦	૧૦૦

આ અભ્યાસ હેઠળના સમુદાયમાં જીવનસાથીની પસંદગી મોટાભાગે સ્વ-પસંદગી અને વડિલો એટલે કે માતા-પિતાની સંમતિથી થતી હોવાનું જણાય છે.

પરંપરાગત ભારતીય સંયુક્ત કુટુંબમાં કુટુંબના અગત્યના નિર્ણયોમાં વડિલોની ભૂમિકા મહત્વની રહી છે, જે આજે પણ જળવાય છે. એક બાજુ હવે અનેકવિધ પરિબળોને લીધે સ્વ-પસંદગીના લગ્ન સ્વીકાર્ય બનતા જાય છે. જેમાં કદાચ સ્ત્રીને અત્યાચારનો ઓછો અવકાશ હશે. પરંતુ પોતાની પુત્રીને ભવિષ્યમાં કોઈ દુઃખ આવી પડે તો એક પ્રકારનું સામાજિક નિયંત્રણ સામા પક્ષ પર રહે એવા હેતુથી વડિલોની સંમતિથી ઉત્તરદાતાના જીવનસાથીની પસંદગી થાય છે. આમ છતાં અત્યાચારનો ભોગ બન્યા છે એ વાસ્તવિકતા છે.

પ્રસ્તુત અભ્યાસમાં ૯૧ ટકા ઉત્તરદાતાઓમાં જીવનસાથીની પસંદગીમાં સ્વ-પસંદગી અને માતા-પિતાની ઈચ્છા એ પસંદગીનું ધોરણ રહ્યું છે.

લગ્ન અંગેના રીવાજોઃ

અનુસૂચિત જાતિ હિન્દુ ધર્મ પાળે છે. તેથી તેમાં લગ્ન હિન્દુ ધાર્મિક વિધી મુજબ થાય છે તેમ છતાં હિન્દુ ધર્મમાં અનેક જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ આવેલી છે. તેથી તે બધામાં લગ્નના રીવાજોમાં થોડા ઘણા તફાવતો જોવા મળે છે.

લગ્નનું મૂહર્ત, ગણેશ સ્થાપન તથા લગ્ન વધામણીઃ

જાન પ્રસ્થાન, સ્વાગત, ચોરી, સમપદી, માયરુ ભરવું, દાયુ આપવું, જાનની વિદાય પછી વરપક્ષના ઘરે વિધી કરાવવામાં આવે છે.

લગ્નમાં લેવડદેવડઃ

બધા જ ઉત્તરદાતાઓ જણાવે છે કે તેમનાં સમાજમાં લગ્ન સમયે રોકડરકમ અને વસ્ત્રો સ્વરૂપે કન્યાપક્ષ તરફથી દહેજ આપવામાં આવે છે. આ ઉપરાંત લગ્ન પહેલા ચાંલ્લાની વિધીમાં પણ કન્યાપક્ષ તરફથી ભેટ સોગાદ અપાય છે.

સીમંત સમયે રોકડરકમ, વસ્ત્રો, અલંકાર અને જરૂરી ચીજવસ્તુઓ અપાય છે.

કૌટુંબિક નિર્ણયઃ

લગ્ન પછી કૌટુંબિક નિર્ણયોના અનુસંધાનમાં ૭૮ ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું કે પાત્ર પસંદગી, લગ્ન, ખરદી વગેરે જેવી બાબતમાં નિર્ણયની તક આપવામાં આવે છે જ્યારે ૨૨% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે કૌટુંબિક નિર્ણયમાં તેમનો મત લેવામાં આવતો નથી.

છૂટાછેડાઃ

બધા જ ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે અમારા સમૂહમાં છૂટાછેડા સ્વીકૃત છે અને આ માટે સમાજના આગેવાનો કે કોર્ટ દ્વારા છૂટાછેડા લેવામાં આવે છે.

વિધવાનું સ્થાનઃ

અનુસૂચિત જાતિમાં સ્ત્રી વિધવા બને ત્યારે ચૂડાકર્મ, પોતાનું વસ્ત્ર, સવા મહિના સુધી ખૂણો પાળવો, અલંકારનો ખાસ કરીને ચાંલ્લો, અને મંગળસૂત્રનો ત્યાગ કરવો પડે છે. અહીં મંગાવવા પડે છે. તેઓને માંગલિક પ્રસંગોએ બોલાવવામાં નથી આવતા, કન્યાદાન નથી કરી શકતી. વિધવાઓનું જીવન થોડું કષ્ટદાયક હોય છે. પરંતુ પુનઃલગ્ન સ્વીકૃત છે.

લગ્નમાં આવેલું પરિવર્તનઃ

સભ્ય સમાજ સાથેના સંપર્કથી અને સંસ્કૃતિકરણની પ્રક્રિયાને લીધે અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓમાં ઠેટલુંક પરિવર્તન આવ્યું છે.

- ૭૨% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે લગ્ન પહેલા તેઓ કુંડલી કે જન્માક્ષર મેળવતા થયા છે.
- બધા જ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે લગ્ન પહેલા ભાવી જીવનસાથી સાથે વાતચીત કરવા દેવામાં આવે છે.
- ૯૪% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે પોતાની પેટાજ્ઞાતિમાં જ લગ્ન કરવા પડે છે. આંતરજ્ઞાતિય લગ્ન ઓછા સ્વીકૃત છે.
- ૮૦% ઉત્તરદાતાઓને મતે પ્રેમ લગ્ન હજુ આ સમૂહમાં સ્વીકૃત નથી. પરંતુ ૨૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે પોતાની જ્ઞાતિમાં જો યોગ્ય પાત્ર ન મળતું હોય તો પ્રેમલગ્નનો વિકલ્પ સ્વીકાર છે, પરંતુ કુટુંબના બધા સભ્યોને તે માન્ય નથી.
- લગ્ન પહેલાના જાતિય સંબંધોમાં છૂટછાટ નથી.

તારણો

(૧) મોટાભાગના ઉત્તરદાતાઓ ૧૮ થી ૩૭ના વય જૂથના છે. ૬૩% ઉત્તરદાતાઓ ચમાર જ્ઞાતિના છે.

(૨) ૬૨% ઉત્તરદાતાઓ પરિણીત છે અને ૨૧% ઉત્તરદાતાઓ વિધવા છે. ૧૫% ઉત્તરદાતાઓ અપરિણીત છે.

(૩) આ ઉત્તરદાતાઓમાં પ્રાથમિક શિક્ષણ વધુ છે. ઉચ્ચશિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેઓનાં કુટુંબનાં સભ્યોમાં સ્ત્રી-પુરુષ શિક્ષણનું પ્રમાણ લગભગ સરખુ છે, પરંતુ આ સ્ત્રીઓમાં શિક્ષણની બાબતમાં પ્રાથમિક કક્ષાનું શિક્ષણ જ વધુ છે.

(૪) સ્ત્રીઓમાં પુરુષો કરતાં આર્થિક સહભાગીપણાનું પ્રમાણ ઓછું છે. (૩૦.૮૭ ટકા) જેમાંથી ૧૬.૭૮ ટકા સ્ત્રીઓ મજૂરી કરે છે.

(૫) ૬૪.૪૩ ટકા ઉત્તરદાતાઓના કુટુંબની માસિક આવક ૨૦૦૦ રૂ. જેટલી છે. જે તેમનું નિમ્ન આર્થિક સ્તર સૂચવે છે અને એમાં પણ સ્ત્રીઓની માસિક આવક ઘણી ઓછી છે.

(૬) ૪૩% ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં અને ૫૭% ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં રહે છે. જેઓના નિવાસસ્થાન ગામની બહાર છે. જો કે તેઓને પોતાનું પાકુ કે અર્ધપાકુ મકાન છે જેમાં જરૂરી સવલતો છે. મોંઘા ઉપકરણો બધાના ઘરમાં ઉપલબ્ધ નથી.

(૭) ૮૧% ઉત્તરદાતાઓના કુટુંબમાં પુત્રી જન્મ આવકાર્ય છે. ૩૦ ટકા ઉત્તરદાતાઓ પુત્રી જન્મની ઉજવણી કરતાં નથી. ૭૦% ઉત્તરદાતાઓ આની ઉજવણી કરે છે. જેમાં મોટેભાગે જલેબી વહેંચે છે. જો કે ઉછેર અને સમાજીકરણમાં કેટલેક અંશે ભેદભાવ જરૂર રખાય છે.

(૮) ૮૫% ઉત્તરદાતાઓની લગ્નવય ૧૮ થી ૨૨ની છે. જો કે તેઓની સગાઈ ૧૮ વર્ષ પહેલા પણ થાય છે. જીવનસાથીની પસંદગીમાં તેઓએ આપેલ અગ્રિમતામાં મુજબ ક્રમશઃ નોકરી કે વ્યવસાય, શિક્ષણ, આવક, વ્યક્તિનું કુટુંબ, પ્રતિષ્ઠા અને શારીરિક સૌષ્ઠવને મહત્વ આપે છે. જીવનસાથીની પસંદગીમાં માતાપિતાની સંમતિથી સ્વપસંદગીને તક અપાય છે.

(૯) અનુસૂચિત જાતિમાં સગાઈ તથા લગ્નની વિધિ સવર્ણ હિંદુઓ જેવી છે. સવર્ણ હિંદુઓની જેમ લગ્નમાં હવે કેટલેક અંશે જન્માક્ષરનું મહત્વ વધ્યું છે, જીવનસાથીની પસંદગીમાં પાત્રને લગ્ન પહેલા મળવાની છૂટ અપાય છે. જો કે ૯૪% હજુ પોતાની પેટા જ્ઞાતિને જ મહત્વ આપે છે અને પ્રેમલગ્નનો બહુ સ્વીકાર કરતા નથી. લગ્ન પહેલાની જાતિય છૂટછાટ પ્રતિબંધિત છે.

(૧૦) આ જાતિમાં સગાઈ. લગ્ન અને સીમંત વખતે કન્યાપક્ષ તરફથી વરપક્ષને રોકડરકમ, કપડાં, ઘરેણા અને ચીજવસ્તુઓની દહેજ સ્વરૂપે લેવડદેવડ થાય છે.

(૧૧) ૭૮% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે લગ્ન પછી ખરીદી અને સામાજિક વ્યવહારોમાં તેમનો મત લેવાય છે.

(૧૨) અનુસૂચિત જાતિમાં સ્ત્રીને પોતાના જ્ઞાતિ કે કાયદા દ્વારા અનિવાર્ય સંજોગોમાં છૂટાછેડા સ્વીકૃત છે.

(૧૩) લગ્નબાદ વૈધવ્ય સમયે સ્ત્રીએ ચુડા કર્મ, પોતાનું વસ્ત્ર, ખૂણો પાળવો વગેરે જેવી વિધી કરવી પડે છે અને અલંકારોનો ત્યાગ કરવો પડે છે અને વિવિધ બંધનો રાખવા પડે છે. જો કે પુનઃલગ્નની છૂટ છે.

પ્રસ્તુત અભ્યાસ શહેરી સમુદાયથી નજીક એવા ગ્રામીણ વિસ્તારનો છે. જ્યાં ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને સંપર્ક વ્યવહારના સાધનો ઉપલબ્ધ છે. ઉપરાંત ગ્રામીણ વિકાસના કાર્યક્રમોએ પણ એમાં મહત્વની ભૂમિકા ભજવી છે. જેની અસર ગ્રામ જીવનનાં જ્ઞાતિ, કુટુંબ, જીવનશૈલી અને લગ્નજીવન પર વ્યાપક રીતે પડેલી છે. આ ગામમાં સ્થળાંતરની પ્રક્રિયા સરળ છે. ઉચ્ચજ્ઞાતિઓ સાથેના સંપર્કને લીધે તેઓએ સંસ્કૃતીકરણ અને અનુકરણથી પોતાના સ્થાનિક સમૂહનો દરજ્જો બદલવાનો સભાનપણે પ્રયત્ન કર્યો છે. પરંતુ તેઓએ પોતાની પરંપરા અને સંસ્કૃતિના કેટલાક તત્વો લગ્નવિધિમાં આજે પણ જાળવ્યા છે.

ગ્રામીણ કુટુંબમાં વિઘટનની પ્રક્રિયા વિકસી છે. કુટુંબ ઉપભોગનો એકમ બનવા લાગ્યું છે, નાના સંયુક્ત કુટુંબ તરફનું વલણ વિકસ્યું છે.

જ્ઞાતિ આધારીત વ્યાવસાયિક પ્રતિબંધો હળવા બન્યા છે. વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે પરંપરાગત ઢબના સંબંધો નબળા પડ્યા છે અને એને લીધે અસ્પૃશ્યતાની ઢબમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે પરંતુ રહેઠાણ હજુ આજે પણ અલગ અલગ જોવા મળે છે.

આ સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણનો અભાવ જોવા મળે છે. ખાનગી સંસ્થાઓમાં પસંદગીની તક નથી. સરકારી ભરતી બહુ ઓછી થાય છે એટલે મજૂરી કરવી પડે છે. એટલું પરિવર્તન જરૂર આવ્યું છે કે તેઓને હવે મેસુ ઉપડવું, મરેલા ઢોર ખેંચી જવા, ચામડુ ઉકેલવા વગેરે જેવા વ્યવસાયો નથી કરવા પડતા.

શિક્ષણ, આધુનિકરણ અને શહેરીકરણની કેટલીક વિધાયક અસરો અને પરંપરાગત વ્યવસાય તૂટવા સાથે પરંપરાગત શોષણમાંથી તેઓને મુક્તિ મળી છે.

ઔદ્યોગિક વિકાસ પછી લોકજાગૃતિ સંસ્થાનવાદનું વિસ્તૃતીકરણ જેવી ઘટનાઓને કારણે નવી સમાજ વ્યવસ્થા ઊભી થઈ અને માનવીય વર્તન વ્યવહારમાં આવ્યું.

સંદર્ભ સૂચી:

(૧) Jayant Parimal "Census of India (2001)". Gujarat.

(૨) Neera Desai (1987) "Women and Society in India" Ajanta Publication.

(૩) गोविंद सदाशीव घूर्ये ''ज्ञाति, वर्ग और व्यवसाय'' पोप्युलर प्रकाशन, मुंबई.

(૪) तोमर ''भारतीय समाज, संस्कृति एवम् संस्थाए'', राजस्थानी ग्रंथालय, जोधपुर

(૫) प्रतिभा जैन, संगीता शर्मा (१९९८) ''भारतीय स्त्री'' (सांस्कृतिक संदर्भ) रावत पब्लिकेशन, जयपुर.

(૬) ડૉ. અક્ષયકુમાર દેસાઈ - ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર.

(૭) એ. જી. શાહ, જે. કે. દવે (૨૦૦૪) ''ગ્રામીણ સમાજશાસ્ત્ર'', અનડા પ્રકાશન, અમદાવાદ.

(૮) થોમસ પરમાર (૧૯૮૨) ''ભારતીય સંસ્કૃતિની ઝલક'', ગુજરાતી યુનિવર્સિટી, અમદાવા.

(૯) મકવાણા મનુભાઈ (૨૦૦૦) ''ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ'', સુરભિ પ્રકાશન, વડોદરા.

(૧૦) પટેલ તારાબહેન (૧૯૬૫) ''ભારતીય સમાજવ્યવસ્થા'' ધી ન્યૂઝ ઓર્ડર બુક કું., અમદાવાદ.

(૧૧) શાહ અરવિંદ અને અન્ય (૧૯૬૬) ''સામાન્ય સમાજશાસ્ત્ર'' મેસર્સ બી. એસ. શાહ, અમદાવાદ.

(૧૨) અડાલજ ગામની માહિતી.

❑❑❑

મહિલા સશક્તિકરણમાં સ્વૈચ્છિક સંસ્થા (અમદાવાદની ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ)ની ભૂમિકા

ડૉ. શૈલજા ધ્રુવ
Head of Dept. Sociology
ડૉ. સિરાલી મહેતા
Principal
S.L.U. Arts and H. & P. Thakur Commerce College for Women, Ahmedabad, Gujarat

પ્રાસ્તાવિક:

ભારતના બંધારણમાં, એના આમુખમાં મૂળભૂત અધિકારોમાં, મૂળભૂત ફરજો અને રા-યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં જાતિ-સમાનતાના સિદ્ધાંતનો ઉલ્લેખ કરેલો છે. દેશનું બંધારણ, મહિલાઓને સમાનતા બક્ષે છે. એટલું જ નહિ, પરંતુ રા-યને મહિલાઓની તરફેણમાં વિધેયાત્મક પગલાં ભરવાની સત્તા આપે છે.

ભારતનાં લોકશાહી માળખામાં કાયદા, વિકાસ અંગેની નીતિઓ, યોજનાઓ અને કાર્યક્રમોમાં મહિલાઓનો ઉત્કર્ષ સાધવાની બાબતને મહત્વ અપાતું જાય છે. ૧૯૯૦માં ભારતની સંસદે કાયદાથી મહિલાઓ માટે રાષ્ટ્રીય કમિશનની રચના કરી. બંધારણમાં ૭૩મો અને ૭૪મો સુધારો કરીને સરકારે સ્ત્રીઓ માટે સ્થાનિક સ્વરા-યની સંસ્થામાં નિર્ણય અને સત્તામાં ભાગીદારીનો સંગીન પાયો નાંખ્યો. વળી, ૧૯૭૫ના મેક્સિકો પ્લાન ઓફ એકશન, ૧૯૮૫ના નૈરોબી ફોરવર્ડ લુકિંગ સ્ટ્રેટેજીઝ, ૧૯૯૫ના બેંજિંગ ડેકલેરેશન અને પ્લેટફોર્મ ફોર એકશનના અમલ માટે એકવીસમી સદીમાં જાતિ સમાનતા (gender equality) તેમજ વિકાસ અને શાંતિ માટે યુ. એન. જી. એ. યોજેલ સંમેલનમાં સ્વીકારવામાં આવેલા દસ્તાવેજને ભારતે બહાલી આપી, આનુષંગિક પગલાં ભરવાનો નિર્ણય કર્યો જેને પરિણામે મહિલાઓની સત્તા, ઉત્કર્ષ અને વિકાસ માટે ૧૯૯૧માં મહિલા સશક્તિકરણની નીતિ ઘડવામાં આવી.

ભારત સરકારની નવમી પંચવર્ષીય યોજનામાં પ્રથમ નવ લક્ષ્યાંકોમાં "Empowerment of Women ની રજૂઆત કરવામાં આવી એમાં જણાવવામાં આવ્યું છે કે, Empowering women as the agent of social change and development. (Report DWCD : 2001 : 19) અને દશમી પંચવર્ષીય યોજનામાં National policy for Empowerment of women (2001) ને લક્ષમાં લઈ ઘણાં કાર્યક્રમો દ્વારા સામાજિક અને આર્થિક સામર્થ્ય માટેના કાર્યક્રમો પર ભાર મૂકવામાં આવ્યો છે અને સ્ત્રીઓને ન્યાય મળે એ માટેના કાર્યક્રમો પર પણ ભાર મુકાયો.

મહિલા સશક્તિકરણમાં માત્ર સરકારે જ નહીં પરંતુ સ્થાનિક સ્તરથી માંડી આંતરરાષ્ટ્રીય કક્ષાએ મહિલા સંગઠનોએ પણ મહિલા ઉત્કર્ષ, મહિલા આંદોલન અને મહિલા સત્તા માટે ઘણાં પ્રયત્નો કર્યા છે. આમાં સ્થાનિક સ્તરે મહિલા સામર્થ્યનું કામ કરતી કેટલીય સંસ્થા એવી છે કે જેની આજ દિન સુધી સમાજે વ્યવસ્થિત રીતે નોંધ લીધી નથી એમાંની એક સંસ્થા છે ''ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ'' જેનો આ એક કેસ સ્ટડી છે.

અભ્યાસ પદ્ધતિ

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે સ્ત્રી સશક્તિકરણમાં શું ભૂમિકા ભજવી છે, તે જાણવાના હેતુથી અમારા વ્યક્તિગત અનુભવો, મૌખિક વાતચીત (oral history) અને ગૌણ માહિતી ને આધારે આ પેપર રજૂ કર્યું છે. આંતરવિદ્યાકીય અભિગમથી રજૂ થયેલા આ પેપરમાં છેલ્લા પાંચ વર્ષની આંકડાકીય માહિતી આપી છે. કારણ કે એનો ઈતિહાસ ઘણો લાંબો છે.

પ્રસ્તુત પેપરનાં પ્રથમ ભાગમાં સ્ત્રી સશક્તિકરણની વિભાવના અને ગુજરાત સ્ત્રી કેળવણી મંડળનો ઈતિહાસ, વિકાસ અને ઉદ્દેશ્યો દર્શાવ્યા છે. બીજા ભાગમાં સ્ત્રીઓનાં શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને જાહેર જીવનનાં ક્ષેત્રે સ્ત્રી સશક્તિકરણમાં તેણે શું ભૂમિકા ભજવી છે એની ચર્ચા કરી છે. ત્રીજા વિભાગમાં સ્ત્રી સશક્તિકરણ માટે આ સંસ્થા શું કરવા માંગે છે તેનો નિર્દેશ કર્યો છે.

I

૧:૧ સશક્તિકરણ:

સશક્તિકરણ એ બહુઆયામી પ્રક્રિયા છે. (multi-dimensional) તેમાં power, સામર્થ્ય શબ્દ મહત્વનો છે. એને જુદી જુદી રીતે જોવામાં આવે છે. (Williams et al. 1994)

★ Power Over:- આમાં પ્રભુત્વ અને તાબેદારીનો સમાવેશ થાય છે. જેને સામાજિક રીતે પીઠબળ મળેલું હોય છે. જેમ કે સ્ત્રી પરની પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રકારની હિંસા.

★ Power to :- આ સામર્થ્યમાં નિર્ણયની પ્રક્રિયામાં સત્તા અને સમસ્યાઓના નિરાકરણમાં રચનાત્મક વ્યૂહનો સમાવેશ થાય છએ.

★ Power with :- આ સામર્થ્યમાં સામાન્ય ધ્યેય માટે સામૂહિક સમજણ દ્વારા ધ્યેય પ્રાપ્ત કરવામાં આવે છે.

★ Power Within :- આ સામર્થ્યમાં આત્મ વિશ્વાસ, સ્વ જાગૃતિ અને સ્વ નિર્ણયાકતાનો સમાવેશ થાય છે. જેનાં દ્વારા તેઓનાં જીવનની સામર્થ્યની સમજ આવે છે.

The Human Development Report - 1995 માં સશક્તિકરણ માટે ભાગીદારીના સંદર્ભમાં દર્શાવ્યું છે કે,

Development must be by people, not only for them, people must participate fully in the decisions and processes that shape their lives (UN 1995 b:12) but at the same time promotes a rather instrumentalist view of empowerment : Investing in women's capabilities and empowering them to exercise their choices is not only valuable in it self but also the surest way to contribute to economic growth and overall development. (UN 1995 b:iii)

તો બીજી બાજું એવું કહેવાયું છે કે,

Empowerment involves challenging the forms of oppression which are inequitable, or in ways which deny their human rights (Oxfam-1995)

સ્ત્રી સામર્થ્યના સંદર્ભમાં એક જુદી રજૂઆત એવી થઈ છે કે,

Empowerment is largely about, ordinary common people, rather than politicians, experts and other socially or culturally advantaged persons : an improvement in the quality of life is integral to understanding the term (Beteilie - 1990 : 590)

આમ સશક્તિકરણનો અભિગમ બહુઆયામી અને આંતરવિદ્યાકીય સંબંધ ધરાવે છે. સ્ત્રીની તાબેદારી સ્ત્રીનાં ગૌણ સ્થાનને તે Power structure નાં સંદર્ભમાં જુએ છે.

''સશક્તિકરણ' સામાજિક રૂપાંતરણ (Transformation) સાથે સંબંધિત છે. તે રાજનીતિજ્ઞો, વિશેષજ્ઞો તથા સામાજિક-સાંસ્કૃતિક રીતે વિકસીત વ્યક્તિઓ કરતા સામાન્ય લોકોના પુનરુત્થાન પર ભાર મૂકે છે. તેમાં 'શક્તિ'ની અવધારણા છે પરંતુ શક્તિને વિશિષ્ટ અર્થોમાં પરિભાષિત કરવામાં નથી આવી.'' - આન્દ્રે બેટેલી

અર્થાત સશક્તિકરણની અવધારણા ધ્યેય પ્રાપ્ત કરવાનું સાધન છે અને પોતે પોતાની રીતે સાધ્ય પણ છે. કારણ કે જુદી જુદી પરિસ્થિતિઓમાં એના જુદા જુદા અર્થ કરવામાં આવે છે. વળી, એમાં અલગતા અને તરલતા પણ છે.

''સામાજિક ન્યાય અને સમતા અથવા મહિલાની સ્વતંત્ર ઓળખ અથવા તેનો 'માણસ'ના સ્વરૂપમાં સ્વીકાર કરવો. કુટુંબમાં તેના માટે બરાબરનું સ્થાન હોવું જોઈએ.''

મહિલા કલ્યાણ, વિકાસ વગેરેનો મતલબ છે, સ્થિતિમાં સુધારો. -યારે મહિલા સશક્તિકરણનો અર્થ છે; સ્થિતિમાં પરિવર્તન (બદલાવ). અહીં પરિવર્તનનો મતલબ થાય છે મહિલાઓને દ્વિતીય (ગૌણ) સ્થાને રાખતા બધા માળખામાં પરિવર્તન. (એ બધા માળખામાં પરિવર્તન કે જે મહિલાઓને ગૌણ સ્થાને રાખે છે.) એનાથી પિતૃસત્તાને ફટકો પડે છે. વિચારમાં પરિવર્તન આવે છે. મૂળભૂત માળખામાં પ્રશ્નો ઊભા કરે છે.

૧:૨ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ: ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

ગુજરાતમાં શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થામાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સૌથી પીઢ જાહેર સંસ્થા છે. મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફર્યા ત્યારે રાષ્ટ્રીય ચેતનાનો જુવાળ સમગ્ર ભારતમાં પ્રસરી રહ્યો હતો. નવજાગૃતિનાં પગરણ

ભારતમાં મંડાઈ ચુક્યા હતા. ૧૯૧૦ થી ૧૯૨૦માં ભારત વ્યાપી મહિલા સંગઠનની શરૂઆત થઈ. બંગાળમાં 'બંગ મહિલા સમાજ' તથા 'અઘોર કામિની નારી સમિતિ'; મહારાષ્ટ્રમાં 'સતારા અબળા ઉન્નતિ સભા'; બનારસમાં 'ભારત મહિલા પરિષદ'; અલ્હાબાદમાં પ્રયાગ મહિલા સમિતિની રચના થઈ.

૧૯૧૭માં મદ્રાસમાં 'ભારતીય મહિલા એસોસીયેશનનું ઉદઘાટન થયું.

૧૯૧૭માં કૉંગ્રેસ અધિવેશનમાં એની બેસન્ટ પ્રેસીડિન્ટ તરીકે ચુંટાયા.

૧૯૧૭માં એની બેસન્ટના નેતૃત્વ નીચે વિમેન્સ એસોસીયેશનની સ્થાપના કરવામાં આવી.

૧૯૧૭માં સરોજિની નાયડુએ રાષ્ટ્રની મુક્તિ વિશેનું વ્યાખ્યાન આપ્યું અને આ જ અરસામાં 'ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ'નો પ્રારંભ થયો.

રાષ્ટ્રીય લડતમાં ગાંધીજીએ બહેનોને નિયોજી, પોતાની શક્તિ અને વિશ્વાસથી બહેનોમાં પણ સંસ્થા સંસ્થાપન શક્તિ વિકસી. આ સમયે ગુજરાતમાં પણ ભાઈઓ, બહેનોની સાથે પ્રોત્સાહન, પ્રેરણા આપવા કટિબદ્ધ હતાં. આપણી શૈક્ષણિક, સામાજિક, સાહિત્યિક, સાંસ્કૃતિક એમ ચતુર્વિધ ચેતના નવસ્પંદન પામી હતી. સુશિક્ષિત સમાજ સુધારકો અને સમાજ સેવકોમાં સ્ત્રી સન્માનની ભાવના અને ઉચ્ચ શિક્ષણનું મૂલ્ય અંકુરિત થયું હતું. વિવિધ સમાજ સુધારાવાદી ધાર્મિક સંસ્થાઓ ઉપરાંત તત્વદર્શી ચિંતકો પણ આ અરસામાં થયા અને સામાજિક પ્રવૃત્તિને વેગ મળ્યો. સ્ત્રીઓ માટે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની વ્યવસ્થા ઈ.સ. ૧૮૨૯થી સરકારે કરી હતી પરંતુ ઉચ્ચ શિક્ષણ માટે કોઈ અલગ વ્યવસ્થા ન હતી. એવા સમયે સમાજસુધારકોએ સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણ માટે પ્રયત્નો કર્યો. પ્રારંભમાં આ સંસ્થા 'ગુજરાત કેળવણી મંડળ'ના એક વિભાગ તરીકે કાર્ય કરતી પછી તેની સ્વતંત્ર શાખા 'ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ' શરૂ થઈ. આજ અરસામાં ૧૯૧૬માં મહર્ષિ કર્વેએ સર વિઠ્ઠલદાસ ઠાકરસીનાં સંયુક્ત પ્રયાસથી ભારત વર્ષીય મહિલા વિદ્યાપીઠ જે કર્વે યુનિવર્સિટી (SNDT) ના નામે પ્રસિદ્ધ છે તેની સાથે સર્વ પ્રથમ સ્ત્રીઓના અલગ ઉચ્ચ-શિક્ષણ અર્થે પોતાની સંસ્થાને સંલગ્ન કરી તે શ્રી લાલશંકર ઉમિયા શંકર કોલેજ ફોર વિમેન જે આજે એસ. એલ. યુ. કોલેજ ફોર વિમેન તરીકે ઓળખાય છે. જેની સ્થાપના ૧૯૨૧-૨૨માં થયેલી હોય તેવું મનાય છે. (ડૉ. ધ્રુમનબહેન દીવાનજી ૧૯૯૭ : પાન નં. ૧ થી ૩)

નારીવાદનાં સંદર્ભમાં ડૉ. રંજના હરીશ (શક્તિ ૨૦૦૩) જણાવે છે તેમ આ પુરુષ દ્વારા થયેલી પ્રવૃત્તિ છે. આ પુરુષ વિરોધી નથી. વધુમાં નારીવાદ સ્ત્રી તાબેદારી અને સ્ત્રી મુક્તિમાં માને છે.

આ સંસ્થાનો ઉદભવ નારીવાદી ચળવળથી થયેલો મનાય છે. કારણ કે પુરુષો પ્રેરીત આ પ્રવૃત્તિ હતી. ''સ્ત્રી સન્માનને વરેલા સેવાભાવી, ઉત્સાહી, બુદ્ધિવાન, પ્રાણવાન, સહૃદયી કાર્યકરોના જૂથે સ્ત્રી કેળવણીની ભાવનાને મૂર્તિમંત કરવા આ સાહસ કર્યું. નિષ્ઠાવાન કાર્યકર્તાઓએ એમાં માનદ્ સેવાઓ આપી છે. આ સંસ્થાના આદ્ય સંસ્થાપકોમાં સર રમણભાઈ નીલકંઠ, ડૉ. સુમંતરાય મહેતા, સરશ્રી મનુભાઈ નંદશંકર મહેતા, શ્રી ઈંદુલાલ યાજ્ઞિક, શ્રી ગણેશ વાસુદેવ માવલંકર, શ્રી બળવંતરાય ઠાકોર, શ્રી રામનારાયણ પાઠક વગેરે મુખ્ય હતાં. આ સમયે સ્ત્રી સશક્તિકરણનાં ઉદાહરણરૂપે લેડી વિદ્યાગૌરી નીલકંઠ, શ્રીમતી શારદાગૌરી મહેતા વગેરેએ રસ લીધો અને -યારે જરૂર જણાઈ ત્યારે નિડરતાથી આ સંસ્થાનું સંચાલન મહિલા હસ્તક રાખવાનો દઢ નિર્ણય કરી, અલગ મંડળની સ્થાપના કરી. જેના પ્રથમ પ્રમુખ તરીકે વડોદરાના મહારાણી શ્રી ચિમનાબાઈ ગાયકવાડની વરણી કરવામાં આવી.

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, સોસાયટી એક્ટ ૧૯૨૨માં રજિસ્ટર્ડ થયું. આ સંસ્થાના હેતુઓમાં આપણને સ્ત્રી સશક્તિકરણનાં મૂળ જોવા મળે છે.

૧:૩ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળનાં ધ્યેયો અને ઉદ્દેશો

ક્રમ	ગુજરાત સ્ત્રી કેળવણી મંડળનાં ઉદ્દેશો	પ્રાપ્ત થતું સામર્થ્ય
૧.	બહેનોને વિવિધ અભ્યાસક્રમો માટે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની સુવિધા, પ્રોત્સાહન અને પ્રેરણા આપવી	- શિક્ષણની સમર્થતા
૨.	માતૃભાષા દ્વારા શિક્ષણ ઉપરાંત રાષ્ટ્રીય અને એકાદ આંતરરાષ્ટ્રીય ભાષા તથા સાહિત્યની રૂચિને ખિલવવાં.	- કલાનું સામર્થ્ય
૩.	વ્યવસાયલક્ષી અભ્યાસક્રમને ઉત્તેજન તથા સ્વતંત્ર જીવનનિર્વાહની તાલીમ	- આર્થિક સામર્થ્ય
૪.	કૌટુંબિક જીવનમાં સંવાદિતા જાળવવાની તાલીમ	- સામાજિક સામર્થ્ય

૫. જાતિય શિક્ષણ	- સ્ત્રીએ સ્ત્રી તરીકે સ્વતંત્ર ઓળખ જાણવી. સ્ત્રી તાબેદારી માટે જૈવિક આધાર કારણભૂત નથી તેની સમજ મેળવવી.
૬. વૈજ્ઞાનિક અભિગમ સાથેના ગૃહસંચાલનની સુસ-જ તાલીમ	- મહિલાઓને દ્વિતીય સ્થાને રાખતાં માળખાની સમજ માટે કૌશલ્યના વિકાસ દ્વારા સાંસ્કૃતિક વિકાસ.
૭. સ્વ-રક્ષણ અને સલામતી તથા સ્વાસ્થ્ય માટે એન.સી.સી., એન.એસ.એસ. અને રમતગમત દ્વારા વ્યાયામનું શિક્ષણ	- સ્ત્રી અબળા નથી, દાસી નથી તે એક વ્યક્તિ છે. તેમાં 'શક્તિ'ની અવધારણા છે. તાબેદારીમાંથી સ્વયંમુક્તિ અને જાહેરજીવનમાં સામર્થ્ય માટેની સ્વીકાર સ્વનિર્ણાયકતા
૮. વિવિધ લલિતકલાઓ, સાહિત્યિક અને સાંસ્કૃતિક ક્ષેત્રનું શિક્ષણ	- પોતાના રસ પ્રમાણે વર્તવાનું અને સાહિત્ય દ્વારા સમાજ જાગૃતિ (કલાનું સામર્થ્ય)
૯. કુટુંબ અને સમાજજીવનમાં નિઃસ્વાર્થ સાથે સંવાદી જીવન જીવવાનો અભિગમ કેળવવો.	- power to : નિર્ણયની પ્રક્રિયામાં સત્તા અને સમસ્યા નિવારણમાં રચનાત્મક વ્યૂહનો સમાવેશ.
૧૦. દીનઃદુખી અશક્ત અને વૃદ્ધોની સેવા દ્વારા આદર્શાભિમુખ જીવન દૃષ્ટિનો વિકાસ	- power with : સમાજનાં વંચિત નબળા-અશક્ત જૂથ માટે સામૂહિક સમજણ દ્વારા વિકાસનું ધ્યેય
૧૧. કુદરત અને માનવસર્જિત આપત્તિ સમયે માર્ગદર્શન અને સહાય	- સામાજિક જવાબદારીનું સ્વયં શિસ્ત દ્વારા પાલન કરે, પોતાના અને અન્યના જીવનની ગુણવત્તા સુધારવાની સમજ અને પ્રયત્ન
૧૨. રૂઢિમુક્ત કરી વિકાસશીલ સમાજની સ્થાપના	- વિકાસનો અભિગમ, વિકાસની ધ્યેયલક્ષી પ્રક્રિયામાં સામેલગીરી અને બીજાને મદદરૂપ થવા (Promotes) માટેની પ્રક્રિયા
૧૩. બહેનોને ઉપયોગી સાહિત્યનું પ્રકાશન	- સાહિત્યમાં સામર્થ્ય

II

સ્ત્રીઓનાં સશક્તિકરણમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળની ભૂમિકા:

સ્ત્રી સામર્થ્યમાં આત્મવિશ્વાસ, નિર્ણયશક્તિ અને નેતૃત્વ મહત્વનાં છે. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે આ માટે શું ભૂમિકા ભજવી છે તે અંગેની વિગત Oral History અને ગૌણ માહિતી આધારીત છે.

૨:૧ સ્ત્રીની વ્યક્તિગત ઓળખ - આત્મવિશ્વાસ અને નેતૃત્વ-સંચાલન ક્ષેત્રે સામર્થ્ય :

ગુજરાતમાં - યારે ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ નહોતું ત્યારે મહિલા મહાવિદ્યાલયનો સંબંધ વનિતા વિશ્રામ સાથે હતો. વનિતા વિશ્રામની છાયામાંજ મહિલા વિદ્યાલયને સ્થાપીને તેની વિદ્યાર્થિનીઓને નવી ઢબની કેળવણી આપવાની વ્યવસ્થા સુલોચનાબહેન અને શારદાબહેન કરતા (ઉષા ભટ્ટ ૧૯૮૨ : ૨૦૧) આ સુલોચનાબહેન ૧૮૮૯માં જન્મ્યા. લગભગ સોળમાં વર્ષે વિધવા થયા ત્યારે તેમનાં માતા રૂમણીબહેન, સુલોચનાબહેનનાં પતિના મૃત્યુ પછીના નવમાં દિવસે જૂના રિવાજોને ફગાવી, લોકોની ટીકાઓને ગણકાર્યા વિના દીકરીને અમદાવાદમાં લઈ આવ્યા હતાં. એ વખતે ન્યાતમાં ઘણી જ ટીકા થઈ પણ રૂમણીબહેને ટીકાઓનો સામનો કરી વાળ ઉતરાવવાનાં, રોવા કૂટવાનો, રોટલા ખાવાના રિવાજોનો ત્યાગ કર્યો. (ઉષા ભટ્ટ ૧૯૮૨ : ૨૦૨૩) તેમણે શરૂઆતમાં

ખાડિયામાં એક ઓરડામાં બે વિધવા બહેનોને પોતાના ઘરમાં રાખી શિક્ષણ આપ્યું. રૂમણીબહેન તથા સુલોચનાબહેને સમાજ તરફ દૃષ્ટિપાત કરતા તેમને લાગ્યું કે માત્ર વિધવાઓને જ નહીં તે સિવાય પણ કુમારીકાઓ, મહિલાઓ માટે શિક્ષણ આનુસંગિક સુવિધાઓ કરવી જોઈએ. તેમણે અમદાવાદની જેઠાલાલની પોળમાં એક ઓરડામાં પુસ્તકાલય શરૂ કર્યું. જેના દ્વારા શિક્ષણની પ્રવૃત્તિ શરૂ થઈ. ૧૯૦૬માં તેની 'સરસ્વતી મંદિર'ના નામે સ્થાપના કરવામાં આવી ત્યારબાદ ૧૯૦૮માં તે 'વનિતા વિશ્રામ'ના નામેથી સ્થાપિત થયું. (ઉષા ભટ્ટ : ૧૯૮૨ : ૨૦૨)

વિદ્યાબહેન અને શારદાબહેન આ બંને બહેનો ગુજરાતમાં પ્રથમ ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરનાર હતા. શારદાબહેને મહિલા વિદ્યાલયની અને સ્ત્રી સમાજની કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરી. સુલોચનાબહેન અને કેશવપ્રસાદ દેસાઈએ એમને સાથ આપ્યો. લેડી વિદ્યાગૌરીના ગતિશીલ વ્યક્તિત્વએ નેતૃત્વ પૂરું પાડ્યું. આજે પણ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સાથેનો તેમનો સંબંધ લેખિત સ્વરૂપે આલેખાયેલો છે. એટલું જ નહીં તેમનો ઉત્સાહ અને કાર્યદક્ષતાએ સંચાલનક્ષેત્રે આગવી પ્રતિભા ઊભી કરી છે.

૨:૨ નિર્ણયની પ્રક્રિયા અને નેતૃત્વનું સામર્થ્ય :

આ સંસ્થાની એક આગવી વિશેષતા સ્ત્રી સશક્તિકરણ સાથે સીધી રીતે સંકળાયેલી છે અને એ છે, તેનું સંચાલક મંડળ. બહેનો વડે, બહેનો માટે, બહેનો દ્વારા ચાલતી આ સંસ્થામાં ૧૯૨૨ થી આજદિન સુધીના પ્રમુખ અને હોદ્દેદારો સ્ત્રીઓ જ છે અને એ પણ મહદ્ અંશે અહીંની સ્નાતિક બહેનો જેમ કે,

આજ દિન સુધીના સંસ્થાના પ્રમુખશ્રીઓ

૧. સ્વ. શ્રીમતી મહારાણી ચિમનાબાઈ ગાયકવાડ (૧૯૨૨-૧૯૩૨)

૨. સ્વ. લેડી વિદ્યાગૌરી નીલકંઠ (૧૯૩૨-૧૯૪૪)

૩. સ્વ. શ્રીમતી શારદાબહેન સુમંત મહેતા (૧૯૪૪-૧૯૪૫)

૪. સ્વ. શ્રીમતી સવિતાબહેન ત્રિવેદી (૧૯૪૫-૧૯૫૩)

૫. સ્વ. લેડી તનુમતીબહેન મહેતા (૧૯૫૩-૧૯૭૦)

૬. સ્વ. શ્રીમતી ઉદયપ્રભાબહેન મહેતા (૧૯૭૦-૧૯૮૬)

૭. શ્રી વસુબહેન (૧૯૮૬ થી, વર્તમાન પ્રમુખ)

સ્વ. શ્રીમતી મહારાણી ચીમનાબાઈ ગાયકવાડ:

સ્વ. શ્રીમતી મહારાણી ચીમનાબાઈ ગાયકવાડ બહુમુખી પ્રતિભા ધરાવતા હતાં. તેઓ સ્ત્રી વિકાસ, સ્ત્રી સમાનતા, સ્ત્રી ઉત્કર્ષ દ્વારા સામાજિક પરિવર્તનની હરહંમેશ ઝંખના કરતાં.

સ્વ. લેડી વિદ્યાગૌરી નીલકંઠ:

વિદ્યાર્થિનીઓને જુદુ શિક્ષણ આપવા માંગતા હતા. મહિલા વિદ્યાલય માટે ''સ્ત્રીઓને કોઈપણ પ્રકારનું સહકારી ધોરણથી જુદૂ શિક્ષણ, ગૃહવિજ્ઞાનનું શિક્ષણ અને માતૃભાષા દ્વારા શિક્ષણ'' પર ભાર મૂક્યો. તેમણે માનદ્ અધ્યાપક તરીકે જવાબદારી સ્વીકારી. તેમની સમયસૂચકતા, ધંત, ધૈર્ય, અથાગ કાર્યશક્તિ અને ગંભીરતાએ પરિશ્રમ દ્વારા ગુજરાત સ્ત્રી કેળવણી મંડળને આગળ વધારી એસ.એન.ડી.ટી.માં સેનેટ, સિન્ડીકેટ, બોર્ડ ઓફ સ્ટડીઝમાં તેઓ અગ્રેસર રહ્યા.

સ્વ. શ્રીમતી શારદાબહેન સુમંત મહેતા :

વિદ્યાબહેન અને શારદાબહેનની જુગલજોડીએ મહિલા વિદ્યાલય અને સ્ત્રી સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી નવી ઢબની કેળવણી, સેનેટ, સીન્ડીકેટ વગેરેમાં ગુજરાતી બહેનોનું હિત તેઓ કદી ભૂલ્યા નથી. ધીર પ્રકૃતિ, દઢ સંકલ્પ અને કુશળ બુદ્ધિથી તેમને ગુજરાત સ્ત્રી કેળવણી મંડળની પ્રવૃત્તિમાં રસ લીધો. વર્નાક્યુલર ડીપ્લોમાંની યોજનાને પાર પાડવામાં તેઓની ભૂમિકા અગ્રગણ્ય રહી.

સ્વ. શ્રીમતી સવિતાબહેન ત્રિવેદી (૧૯૪૫-૧૯૫૩)

સમાજસેવિકા અને અગ્રગણ્ય શિક્ષણશાસ્ત્રી, શારદામંદિરના સંસ્થાપિકા સવિતાબહેન ત્રિવેદી આ સંસ્થાના વિદ્યાર્થી પછી પ્રમુખ તરીકે અમૂલ્ય સેવાઓ આપી. અસ્પૃશ્યતા નિવારણમાં તેમની ભૂમિકા મહત્વની રહી.

સ્વ. શ્રીમતી ઉદયપ્રભાબહેન મહેતા

જાહેર જીવનમાં પોતાની સુષુપ્ત શક્તિઓ અને ખમીરને કેવી રીતે પ્રગટાવી શકાય તેનું જીવંત ઉદાહરણ એટલે આ કોલેજના સ્નાતિકા ઉદયપ્રભાબહેન મહેતા. તેમણે ઈ.સ. ૧૯૩૦ અને ૪૨ની લડતમાં સક્રિય ભાગ લીધો. પ્રભાતફેરી, સરઘસ, વ્યાયામ, પત્રિકા વગેરે પ્રવૃત્તિઓનાં ભાગ લીધો. ૧૯૪૨માં પકડાયાં પરંતુ નાના બાળકને કારણે પોલિસે તેમને છોડી દીધાં. તે જમાનામાં જેલવાસ તીર્થ સમાન ગણાતો તેથી એ આવેલી તક ગુમાવવાનો તેમને વસવસો રહેલો.

શ્રી વસુબહેન (૧૯૮૬ થી વર્તમાન પ્રમુખ)

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળનું નેતૃત્વ આજે પ્રમુખપદેથી શ્રી વસુબહેન કરી રહ્યા છે. શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યીક ક્ષેત્રે આગવું સ્થાન ધરાવનાર આ બાહોશ, નીડર નેતા કુશળતાપૂર્વક વહિવટ કરે છે. વહિવટી પ્રતિભા સંપન્ન આ નારી સાચા અર્થમાં નારીવાદને પ્રોત્સાહન આપે છે. માત્ર 'વસુબહેન' એમની ઓળખ, નવી પેઢીને સત્તા આપી નિર્ણય લઈ વિકાસાત્મક કાર્યમાં સામેલ કરવાની પહેલ કરનાર વસુબહેન પોતે સ્ત્રી સશક્તિકરણની મશાલરૂપ ગણાવી શકાય.

આમ આજે ૮૫ વર્ષના ઈતિહાસમાં માત્ર સ્ત્રીઓ અને એ પણ મોટે ભાગે સંસ્થાની સ્નાતિકા બહેનો કુનેહ અને કુશળતાથી સંચાલન કરે છે જે women empowerment માટે મહત્વની છે. આ સંસ્થાની કારોબારી સમિતિમાં સંનિષ્ઠ અને સક્રિય મહિલા સામાજિક કાર્યકરો ઉત્સાહભેર કાર્ય કરે છે.

૨:૩ શિક્ષણક્ષેત્રે સામર્થ્ય

મહિલાઓનાં સંદર્ભમાં સશક્તિકરણની રાષ્ટ્રીયનીતિમાં શિક્ષણના સામર્થ્યનાં સંદર્ભમાં જણાવવામાં આવ્યું છે કે,

'મહિલાઓ અને કન્યાઓને શિક્ષણમાં પ્રવેશ મળે એની બાંહેધરી સમાજ આપશે. મહિલાઓને જીવનભર અભ્યાસ તેમજ વ્યવસાયિક ટેકનીકલ કુશળતાના વિકાસ માટે સવલતો મળે તે માટે ભેદભાવની નાબૂદી, સાર્વત્રિક શિક્ષણ, નિરક્ષરતા નાબૂદી, મહિલાઓ માટે સંવેદનશીલ શિક્ષણ પદ્ધતિ, કન્યાઓના શિક્ષણ પ્રવેશ, તેમજ શિક્ષણની ગુણવત્તા સુધારવા ખાસ પગલાં ભરાશે. માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ મહિલાઓને પડતા ગાળાને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, ખાસ કરીને દલિત, આદિવાસી, પછાત વર્ગની તેમજ લઘુમતી કોમોની મહિલાઓ અને કન્યાઓએ કેન્દ્રમાં રાખી પ્રવર્તમાન નીતિઓમાં વિભાગીય સમયબદ્ધ લયાંકો સિદ્ધ કરશે. જાતિભેદને કારણે શિક્ષણના તમામ સ્તરે મહિલાલક્ષી સંવેદનશીલ અભ્યાસક્રમો વિકસાવવામાં આવશે. (National policy for the empowerment of women (2001) : 95-96)

શ્રી લાલશંકર ઉમિયાશંકર (આજે એસ.એલ.યુ. કોલેજ) જે ગુજરાતની પ્રથમ મહિલા કોલેજ છે. ૧૯૨૨થી કાર્યરત આ સંસ્થાનો હેતુ ગુજરાતની સ્ત્રીઓમાં કેળવણીના સંસ્કારો રેડીને તેમનાં નારીજીવનને પ્રફુલિત કરવો એ હતો. લેડી વિદ્યાગૌરી નિલકંઠ, શારદાબહેન મહેતા, ઈંદુમતી શેઠ, ઉદયપ્રભાબહેન મહેતા, પુષ્પાબહેન મહેતા, સરોજબહેન મહેતા, શ્રીદેવી, કુમુદબહેન શેવડે, ચંદનબહેન પારેખ, માલવિકાબહેન દીવેટીયા, નલિનીબહેન, પદ્માબહેન ફડિયા, ભદ્રાબહેન સતિયા, અરૂણાબહેન દેસાઈ, ડૉ. ધ્રુમનબહેન દીવાનજી, વસુબહેન વગેરેએ શિક્ષણ ક્ષેત્રે સામર્થ્ય દાખવ્યું છે.

બે બહેનોથી નંદગૌરીબહેન અને સવિતાબહેન ત્રિવેદી – પાઠશાળા શરૂ થયેલી. (કંદર્પબાળાબહેન શુક્લ : ૧૯૯૭ : ૪૬૭)

આ બહેનો માત્ર શિક્ષણશાસ્ત્રી જ નહીં પરંતુ સેનેટ, સિન્ડીકેટ સભ્ય, કોલેજના આચાર્ય અને વિષય નિષ્ણાત બનેલાં.

મૌખિક વાતચીતમાંથી એવું જણાયું છે કે શરૂઆતમાં શિક્ષણ માટે ઘણી મુશ્કેલીઓ અનુભવવી પડેલી અને નાણાંકીય તંગી પણ હતી એ વખતે કુટુંબભાવનાથી સમગ્ર પરિવારે પોતાની ડિપોઝીટો જમા કરાવી શિક્ષણમાં પાછી પાની નહોતી કરી.

૧૯૨૧-૨૨માં એસ.એલ.યુ. કોલેજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાઈ હતી. ૧૯૭૩થી આર્ટ્સ, કોમર્સ, એજ્યુકેશન કોલેજોએ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યું. આજે આ કોલેજમાં ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓ શિક્ષણ મેળવી રહી છે. એટલું જ નહીં શિક્ષણની વિવિધ શાખા પણ વિકસાવી છે જેમ કે,

ક્રમ	સંસ્થાનું નામ	સ્થાપના વર્ષ	વિદ્યાર્થિનીઓની સંખ્યા
૧.	એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ	૧૯૨૨	૧૩૦૦
	એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલેજ ફોર વિમેન	૧૮૮૧	
૨.	એસ.એમ.એન.કે. દલાલ એજ્યુકેશન	૧૯૪૮	૧૦૬
	કોલેજ ફોર વિમેન		

૩.	શ્રીમતી રાધાબા હોમસાયન્સ એન્ડ શ્રી સી.વી. શાહ કોમર્સ પોલીટેનીક	૧૯૭૭	૪૦૦
૪.	શ્રીમતી અપર્ણા ત્રીવેદી આઈ.એ.એસ. સ્ટડી સેન્ટર	૨૦૦૧	૩૦
૫.	આઈ.સી.ટી. કમ્પ્યુટર સેન્ટર	૨૦૦૦	૧૬૫

ઔપચારિક શિક્ષણ, શિક્ષક અંગેની તાલીમ, વહીવટી તાલીમ માટે સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્ર અને IAS સ્ટડી સેન્ટર તથા ICT કમ્પ્યુટર સેન્ટર સ્ત્રીઓના શૈક્ષણિક સામર્થ્ય માટે કામ કરી રહ્યા છે. મંડળ સંચાલિત તમામ કોલેજોમાં આજ દિન સુધી આચાર્યા તરીકે પણ મહિલાઓ જ રહી છે. જેઓએ કોલેજોનું કુશળતાપૂર્વક અને પારિવારિક ભાવનાથી સંચાલન કર્યું છે. આ સંસ્થાની તમામ કોલેજોમાં માત્ર સંખ્યાત્મક વિકાસ નથી થયો. પરંતુ શિક્ષણ સહયોગી પ્રવૃત્તિમાં પણ કોલેજ આગળ ધપતી રહી છે. આ કોલેજમાં આવતી બધી વિદ્યાર્થિની બહેનો સામાજિક અને આર્થિક રીતે ઉચ્ચ સ્તર ધરાવતી નથી પરંતુ અધ્યાપકોની ખંત અને મહેનત દ્વારા સંસ્થાના પરિણામો યુનિવર્સિટીના પરિણામો કરતા હંમેશા ઊંચા આવ્યા છે.

૨:૪ આર્થિક સામર્થ્ય (Economic Empowerment) :

સામાજિક ભેદભાવો, શ્રમવિભાજનનું પરંપરાગત માળખું સ્ત્રીઓનાં આર્થિક સામર્થ્યને અટકાવે છે. મહિલાઓની સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિમાં ગરીબી નાબુદી, નાનું ધિરાણ, સ્ત્રીને ઉત્પાદક એકમ તરીકે ગણવી, કૃષિ, ઉદ્યોગ, વિવિધ સર્વિસ સેન્ટર અને આ બધાને વૈશ્વીકરણનાં સંદર્ભમાં સમાનતાના ધ્યેયને સ્વીકારવા પર ભાર મૂકે છે. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે સ્ત્રીઓમાં આર્થિક સામર્થ્ય માટે અંશતઃ ભૂમિકા ભજવી છે.

આર્થિક સામર્થ્યનાં સંદર્ભમાં રત્ના સુદર્શન (યોજનાઃ ૨૦૦૧ : ૧૩) જણાવે છે કે ''કાયમી ધોરણે સ્ત્રીઓને સતત આર્થિક લાભો મેળવવાની ખાત્રી આપીને માળખાગત પરિવર્તન લાવવું અથવા સોદાબાજી કરવાની શક્તિ વધારવી અને આર્થિક પરિવર્તન કરીને સાધનો મેળવવા.''

કોઈપણ વિકાસશીલ સમાજમાં આર્થિક સશક્તિકરણ એ વિકાસનું મહત્વનું પાસું છે, એને અવગણી શકાય તેમ નથી. દેશના વિકાસમાં સ્ત્રીઓને જો મજબૂત અને ખૂબ સક્રિય બનાવવી હશે તો તેમનાં આર્થિક અને સામાજિક સશક્તિકરણની તાતી જરૂરિયાત રહે છે.

શિક્ષણનું અને સામાજિક સેવાનું કેન્દ્ર એવું આ સંગઠન સ્ત્રીઓમાં આજીવિકાનાં દ્વાર ખોલે છે. અહીંની એમ.એન.કે. દલાલ કોલેજ પ્રતિવર્ષે ૧૦૦ થી ૧૧૦ બહેનોને શિક્ષણની તાલીમ આપી શિક્ષકોની ભરતીમાં સહાયભૂત થાય છે. હોમ સાયન્સ વિભાગ દ્વારા ચાઈલ્ડ કેર, ફૂડ અને ન્યૂટ્રીશન, ડાયેટીશયન ઉપરાંત વિવિધ ગૃહકલા દ્વારા સ્ત્રીને આત્મનિર્ભર બનાવે છે. તો અહીં ચાલતા બેન્કીંગ, કોમર્સ, સહકાર વગેરેનાં કોર્ષથી સેલ્સ-માર્કેટીંગ-કલાર્ક વગેરેમાં નોકરી અપાવે છે. આ સંસ્થામાં કામ કરતાં સામાજિક કાર્યકરો પોતાની NGOs કે બીજી NGOs માં ઉપયોગી થાય છે. તો વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા અને ICT કમ્પ્યુટર સેન્ટર વૈશ્વીકરણનાં સંદર્ભમાં રોજગારીની તક મેળવે છે. આર્થિક સામર્થ્યીકરણ અને લૈંગિક સમાનતા માટે આ સંસ્થા હંમેશા કાર્યરત રહી છે પરંતુ આ દિશામાં હજુ આ સંસ્થાએ ઘણું કરવાનું બાકી છે.

૨:૫ આરોગ્ય અને પોષણક્ષેત્રે સામર્થ્ય :

સ્ત્રી જીવનનાં દરેક તબક્કે આરોગ્યલક્ષી જરૂરિયાત પર ભાર મૂકવાનું સૂચવવામાં આવ્યું છે. ગુણવત્તાવાળી આરોગ્ય-સેવા ઉપલબ્ધ થવી જોઈએ વિવિધ ચેપીરોગ, એચ.આઈ.વી. એઈડ્સ પર નિયંત્રણ અને મહિલા પોષણ આરોગ્ય વગેરે પર મહિલા સશક્તિકરણની નીતિ દ્વારા સામાજિક સામર્થ્ય પર ભાર મુકાયો છે. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળમાં હોમસાયન્સ વિભાગ દ્વારા પોષણ, ગર્ભાવસ્થા, બાળળ ઉછેર વગેરે અભ્યાસક્રમમાં સમાવી આરોગ્ય અને પોષણને લક્ષમાં લઈ મર્યાદિત ધોરણે મહિલા સશક્તિકરણ પર ભાર મૂકાયો છે. આ સંસ્થા દ્વારા સ્વાસ્થ્ય સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

૨:૬ નારીવાદી ચળવળમાં અને સ્ત્રી અધિકારોમાં ગુજરાત સ્ત્રી કેળવણીની ભૂમિકા:

મહિલા સશક્તિકરણની નીતિમાં જણાવવામાં આવ્યું છે કે મહિલાઓની વિવિધ પરિસ્થિતિ તેમ જ ખાસ કરીને મુશ્કેલ પરિસ્થિતિમાં રહેલી મહિલાઓની જરૂરિયાતો ધ્યાનમાં રાખીને તેમને ખાસ સહાય આપવામાં માટે પગલા ભરવામાં આવશે. આ માટેની વિવિધ બાબતો પૈકી લગ્ન જીવનમાં અત્યાચારનો ભોગ બનતી મહિલાઓ, તરછોડાયેલી મહિલાઓ, વેશ્યાઓ વગેરેનો સમાવેશ થાય છે. સમાજમાં ધરતીકંપ, પૂર કે ત્સુનામી હોય કે પછી કોમી હુલ્લડમાં મદદરૂપ થવા આ સંસ્થા અગ્રગણ્ય રહી છે.

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ શિક્ષણ ઉપરાંત સામાજિક સેવાનું કાર્ય કરે છે. એનાં ત્રણ કેન્દ્રોમાં આ પ્રવૃત્તિ ચાલતી હતી. કાનૂની સહાય કેન્દ્ર, કુટુંબ સલાહ કેન્દ્ર અને મહિલા માર્ગદર્શન કેન્દ્ર જેમાં કાનૂની સહાયકેન્દ્ર હવે કુટુંબ સલાહ કેન્દ્રમાં ભેળવી દેવામાં આવ્યું છે. પરંતુ આ કેન્દ્ર અને કુટુંબ સલાહ કેન્દ્રમાં રૂઢી, પ્રણાલિકાગત કે માન્ય કુરિવાજો સહિત કુટુંબમાં કે સામાજિક સ્તરે મહિલાઓ પરનાં શારીરિક તેમજ માનસિક તમામ પ્રકારનાં અત્યાચારોની વ્યવસ્થિત નોંધ લઈ તેનાં સમાધાન નિવારણ માટે સતત પ્રયત્નો થાય છે.

કુટુંબ સલાહકેન્દ્રમાં છેલ્લા પાંચ વર્ષમાં આવેલ કેસની વિગત જોઈએ તો,

વર્ષ	કેસ	સમાધાન થયાં
૨૦૦૦-૦૧	૫૨	૩૯
૨૦૦૧-૦૨	૯૩	૩૧
૨૦૦૨-૦૩	૮૯	૪૪
૨૦૦૩-૦૪	૧૧૪	૪૯
૨૦૦૪-૦૫	૧૨૯	૭૩

આમ, સતત વાતચીત, બંને પક્ષની રજૂઆત એની યથાર્થતા, બંને પક્ષનું હિત વગેરે ધ્યાનમાં રાખી સમાધાનનો માર્ગ શોધવામાં આવે છે.

દહેજ, ભૃણહત્યા, જાતીયશોષણ, સ્ત્રીઓનો દુરૂપયોગ, બળાત્કાર, સ્ત્રી મિલ્કત, બાળકોના વાલીપણું અને સ્ત્રીઓ પર થતી કૌટુંબિક હિંસા વગેરે બાબતોને ધ્યાનમાં રાખી આ કેન્દ્ર કામ કરે છે.

આ માટે ચર્ચાસભા, શેરીનાટક, પોસ્ટર, દેખાવો, રેલી, જાગૃતિ શિબિર વગેરેનું આયોજન કરી સ્ત્રી સામર્થ્ય માટેના સતત પ્રયત્ન થાય છે.

મહિલા માર્ગદર્શન કેન્દ્ર:

આ કેન્દ્ર દ્વારા મહિલાઓને રોજગાર આનુસંગિક માર્ગદર્શન આપવામાં આવે છે. મહિલાઓના કૌશલ્ય, શૈક્ષણિક લાયકાત વગેરેને લયમાં રાખી સરકારી તેમજ બિનગી સંસ્થાઓ દ્વારા અપાતી આર્થિક સહાય તેમજ કલ્યાણકારી યોજનાઓ અંગેની જાણકારી આપવામાં આવે છે.

આ સામાજિક સેવા કેન્દ્રમાં સામાજિક કાર્યકરો, કાઉન્સેલર, વકીલ વગેરે સેવા આપે છે.

★ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પ્રવૃત્તિઓનું સ્ત્રી સશક્તિકરણનાં સંદર્ભમાં મૂલ્યાંકન

૧. વિવિધ અભિગમો:

ગાંધીજીએ કહ્યું છે તે મુજબ "જગતમાં કેવળ સ્ત્રી સંગઠન થાય તો એટમ બોમ્બને એક દડાની માફક ફેંકી દઈ શકે એવી બહાદુરીભરી અહિંસા તેઓ દાખવી શકવાની શક્તિ ધરાવે છે. પ્રભુએ એ બક્ષિસ સ્ત્રીઓને જ આપી છે." ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે સ્ત્રીઓમાં રહેલી સુષુપ્ત શક્તિ, આત્મ વિશ્વાસ, દઢ મનોબળ, નિર્ણય અને સંચાલનની શક્તિ વગેરેનો પરિચય કરાવ્યો છે. સ્ત્રી સશક્તિકરણનાં સંદર્ભમાં તેણે પોતાના અભિગમો અને પ્રવૃત્તિમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો છે. ૧૯૮૦ પછી વિકાસમાં સ્ત્રી (WID), તથા જેન્ડર અને વિકાસ (GAD) સરકારી અને સ્વૈચ્છિક સંગઠનમાં વ્યાપ્ત બન્યાં.

WID concentrates more on women's economic activities, GAD tackles the question of in equalities in power and looks to empowerment in all fields (Kabber-1995, Razavi and Miller : 1995)

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે પહેલા કરતાં બીજા એટલે કે GAD અભિગમને વધુ અપનાવ્યો હોય તેવું જણાય છે.

Empowerment માં વિકાસનો અભિગમ (development approach) સામર્થ્ય (power) સ્ત્રોત (resource) નિર્ણયશક્તિ (Decision making) અને નેતૃત્વ શક્તિ (Leadership) મહત્વના છે. ભારતમાં Srilatha Batliwala (1994, cited in carr et al 1997) સ્વૈચ્છિક સંગઠનો મુખ્યત્વે ત્રણ અભિગમો અપનાવે છે. Integrated development, Economic Empowerment and Consciousness - raising. પરંતુ ગુલાટીના મતે (૧૯૯૫ : ૬૧) વર્તમાન સમયમાં મોટાભાગનાં સ્વૈચ્છિક સંગઠનો વિકાસનો અભિગમ અપનાવે છે અને બીજા કેટલાક ઉદારમવાદી અભિગમ ધરાવે છે.

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે સ્ત્રી સામર્થ્યમાં નેતૃત્વશક્તિ અને નિર્ણયશક્તિને પ્રાધાન્ય આપી સ્ત્રી વિકાસનો અભિગમ અપનાવ્યો હોય તેવું જોવા મળે છે અને એ માટે તે શિક્ષણ અને સામાજિક કાર્યની પ્રવૃત્તિ હાથ ધરે છે. અર્થાત સ્ત્રીના સામર્થ્યના મર્યાદિત પાસાને તે સ્પર્શે છે.

૨. નારી સંગઠન તરીકે ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ:

નારી આંદોલનમાંથી જન્મેલા નારી સંગઠનોને ચાર પ્રકારે વર્ગીકૃત કરી શકાય. (Khuallar 1997; Patel 1985; Sharma 1991-92)

૧. રાજકીય પક્ષ પ્રેરીત સ્ત્રી સંગઠન

૨. સ્વાયત્ત નારી જૂથ

૩. ગ્રામીણ અને શહેરી સમાજમાં grassroots કક્ષાએ કામ કરનાર જૂથ

૪. સ્ત્રી સંશોધન, વિકાસ અને દસ્તાવેજ સંગ્રહ કરનાર સ્ત્રી જૂથ

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળને કાંઈક અંશે બીજા અને ચોથા પ્રકારના સ્ત્રી જૂથ સાથે સાંકળી શકાય. આ સંગઠન કેટલેક અંશે સ્વાયત્ત અને કેટલેક અંશે સરકાર સાથે સંલગ્ન છે. ગ્રામીણ વિસ્તારમાં Grassroot કક્ષાએ આ સંસ્થાએ નોંધપાત્ર પ્રવૃત્તિઓ કરી નથી.

૩. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળની પ્રવૃત્તિ:

સંસ્થાની પ્રવૃત્તિ નીચે મુજબ વર્ણવી શકાય.

સરકાર સાથે સંલગ્ન શૈક્ષણિક પ્રવૃત્તિ	**કેન્દ્ર સરકાર અને મહિલા તથા બાળ વિકાસ સાથે સંલગ્ન પ્રોજેક્ટ વર્ક**	**સ્વાયત્ત પ્રવૃત્તિ**
૧. એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ	૧. કુટુંબ સલાહ કેન્દ્ર	૧. આઈ.સી.ટી. કમ્પ્યુટર સેન્ટર
એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ	૨. મહિલા માર્ગદર્શન કેન્દ્ર	૨. આઈ.એ.એસ. સ્ટડી સેન્ટર
કોલેજ ફોર વિમેન		૩. સ્વાસ્થ્ય સેવા કેન્દ્ર
૨. એમ.એન.કે. દલાલ એ-યુકેશન		૪. કુદરતી અને માનવ આપત્તિ
કોલેજ ફોર વિમેન		કાર્ય પ્રવૃત્તિ કેન્દ્ર
૩. રાધાબા હોમસાયન્સ એન્ડ		
શ્રી સી. વી. શાહ કોમર્સ પોલીટિકનીક		

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળની સ્થાપના ભાઈઓના સાથ અને સહકારથી થઈ છે. ધીમે ધીમે સ્ત્રીઓની સ્વનેતૃત્વ અને નૈતિક નેતૃત્વ શક્તિએ સંસ્થાકીય નેતૃત્વ ઊભું કર્યું. સ્ત્રી અબળા નથી, પુરુષ કરતાં સમોવડી છે અને ખંતપૂર્વક કાર્ય કરે તો અતૂટ શક્તિથી સશક્તિકરણને પ્રોત્સાહન આપી શકે છે.

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળની પ્રવૃત્તિઓની મર્યાદાઓ:

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે સ્ત્રીઓમાં સંપૂર્ણ સામર્થ્ય ભર્યું છે એવો દાવો અમે કરતાં નથી. વળી, એની તમામ પ્રવૃત્તિમાં સફળતા જ મળી છે એવું નથી. ક્યાંક અવરોધો, મુશ્કેલીઓ, સમાજ દ્વારા નાસ્વીકૃતિ જેવા પ્રસંગો પણ બન્યા છે. વળી સ્ત્રીઓનાં,

૧. આર્થિક સ્વાતંત્ર્ય અને સામર્થ્ય

૨. સ્ત્રીઓનાં રાજકીય સામર્થ્ય અને સત્તામાં નિર્ણય લેવાની શક્તિનું સામર્થ્ય

૩. આરોગ્ય અને પોષણ ક્ષેત્રે સામર્થ્ય

૪. કાનૂની અને માનવઅધિકારો

૫. પર્યાવરણની જાળવણી

૬. વિજ્ઞાન અને ટેકનોલોજી

૭. સમૂહ માધ્યમો

૮. ફેમીલી કોર્ટ

૯. જાતીય સતામણી

વગેરે જેવા ક્ષેત્રો જે મહિલાનીતિમાં મહત્વનાં છે. તેનાં સંદર્ભમાં કાર્યક્રમો, જાગૃતિ કે સંશોધનો હાથ ધર્યા હોય તેવું જોવા મળતું નથી. અર્થાત્ સ્ત્રીના સશક્તિકરણના મર્યાદિત પાસાને જ આ સંસ્થા સ્પર્શે છે એવું કહી શકાય.

III

ભાવિ યોજનાઓ અને સૂચનોઃ

૧. આ સંસ્થા એવા કાર્યક્રમોનું આયોજન કરવા માંગે છે જેમાં વધુમાં વધુ

- જાતીય સમાનતા
- સ્ત્રીના ઘટતા દર સામેની ઝૂંબેશ
- બાલિકા અને કિશોરીઓનાં હક્ક અને સ્થાન તથા પ્રશ્નો વિશેની સમજ
- સ્ત્રીઓનાં આરોગ્ય વિશે
- વૈશ્વીકરણને ધ્યાનમાં રાખી શિક્ષણ અને આર્થિક પ્રવૃત્તિની તાલીમ
- વધુને વધુ રોજગારીની તક માટેની પ્રવૃત્તિ
- સ્ત્રીઓ પ્રત્યે રખાતા કૌટુંબિક અને આર્થિક ભેદભાવો દૂર કરવાની પ્રવૃત્તિ
- સ્ત્રીઓને કાયદાકીય જાણકારી.

આર્થિક સામર્થ્યનાં સંદર્ભમાં આ સંસ્થાની ભૂમિકા મર્યાદિત છે. આર્થિક પ્રવૃત્તિમાં સહભાગીપણું વધે તેવી તાલીમ અને શિક્ષણ દ્વારા પુનઃશિક્ષિત કરી વૈશ્વીકરણનાં પ્રવાહ સાથે તાલ મીલાવે તેવા પ્રયત્નો કરવા માટે આ સંસ્થા ભાવિયોજનામાં તાલીમ, સંશોધન, પુનઃઉત્પાદક, સ્ત્રીનાં કાર્યની ગુણવત્તા સુધાર પર ભાર મુકશે.

બંધારણીય સુધારા દ્વારા અમલી બનાવવામાં આવેલ ત્રિ.સ્તરીય પંચાયતી માળખામાં રાજકીય સામર્થ્ય માટે - સત્તા માટે સ્ત્રીઓને વધુને વધુ સહભાગી બનાવી સાતત્યપૂર્ણ વિકાસની અપેક્ષાએ એક તાલીમકેન્દ્ર શરૂ કરવાની ખેવના આ સંસ્થાને છે.

મહિલાઓના અધિકાર, મહિલા વિશેના કાનૂન, મહિલાઓ વિશેની નીતિ અને મહિલા કલ્યાણલક્ષી પ્રવૃત્તિ, મહિલા સંબંધિત અધિકારિતા બક્ષીને માનવશક્તિના અસરકારક ઉપયોગ માટેના અભિગમ અપનાવશે.

સૂચનોઃ

- Women Empowerment - સ્ત્રી સામર્થ્ય એ એવી પ્રક્રિયા છે જે દ્વારા સમાજની શક્તિહીન અથવા ઓછી શક્તિવાળી સ્ત્રી કે વ્યક્તિને વસ્તુ અને જ્ઞાનના સંશાધનોની પ્રાપ્તિ અને તેને નિયંત્રિત કરવાની તક ઉપલબ્ધ થાય અને સ્ત્રી સામર્થ્યની પ્રક્રિયાને વેગ મળે. સ્ત્રીને થતાં ભેગભાવ વિનાનું માળખું ઘડાય - કે જેથી તમામ સ્તરે સ્ત્રીને વિકસવા તક મળે - સાથે સાથે સ્ત્રી સાથેનો વ્યવહાર, માનવતા ભર્યો અને ગૌરવપૂર્ણ બને આ માટે.
- સ્ત્રીઓ સૌ પ્રથમ પોતાની જાતને સમજવી પડશે. My strength, my potentials, my weakness, my opportunities and threats, which may challange me and how I will manage myself from moment to moment - આવો વિચાર સ્ત્રીએ કરવાનો છે.
- સ્ત્રી દ્વારા - સ્ત્રી માટે - સ્ત્રીઓ વડે જે પરિવર્તન આવે તે અનન્ય ન આવે 'સ્ત્રી વર્ગે એક આખી પેઢી જાગૃતિ અને પરિવર્તનનું અભિયાન ચલાવે તે જરૂરી છે.
- સ્ત્રી આશ્રિત છે એવો અભિગમ તમામ સ્તરેથી બદલી સ્ત્રી સાથે ભેદભાવ ભર્યો વર્તન બદલાય અને સમાન તક મળે એ જરૂરી છે.
- સ્ત્રીઓની કૌટુંબિક જવાબદારી અને સંચાલન ક્ષમતાને બિરદાવી જોઈએ.

આ માટે જરૂરી છે...

૧. સ્ત્રીઓ એક બીજાને પારખે - નજીક આવે - સાથે મળી પ્રશ્નો ઉકેલે.

૨. સ્ત્રી પોતાની વિધેયાત્મક ઓળખ ઊભી કરે.

૩. સ્ત્રી અને પુરુષ સાથે મળી સમાજનાં સંરચનાત્મક માળખામાં પરિવર્તન લાવે.

૪. પુરુષ સ્ત્રીને નિર્ણયોમાં ભાગીદાર બને.

૫. સ્ત્રીની સમાનતા સર્જવા પુરુષે જ પહેલ કરવી પડશે નહીં તો લાગશે કે

''સંબંધો બધા -યારે સગપણ બને છે પછી પ્રેમ સહારાના મૃગજળ બને છે,
બધી લાગણી માંગણીમાં ઢળે છે. પછી કેકટસના આ ઉપવન બને છે.''

સંદર્ભ સૂચી:

- Karlekar Malavika (2004) 11:2; "A Note on the Empowerment of Women" in Indian Journal of Gender Studies, New Delhi.
- Ranjana Harish, Bharathi Harishankar (ed.) (2003); "Shakti-Multidisciplinary Perspectives on Women's Empowerment in India" Rawat Publications, Jaipur.
- Siwal B.R., Chhabra Satbeer (ed.) (2004) "Profile, Policies and Programmes"; Training of Gender Trainers; National Institute of Public cooperation and child development, New Delhi.
- अशोक कौशिक (२००४); 'नारी सशक्तिकरण - विमर्श एवं यथार्थ' पोईन्टर पब्लिशर्स, जयपूर
- खंडेला मानचन्द (२००२); 'महिला सशक्तिकरण' अरिहंत पब्लिशिंग हाउस, जयपूर
- शर्मा प्रज्ञा (२००१); 'महिला विकास और सशक्तिकरण' आविष्कार पब्लिशर्स, डिस्ट्रीब्यूटर्स, जयपूर
- ડૉ. દિવાનજી ધ્રુમનબહેન, ડૉ. શાહ પ્રિતી, ડૉ. રાવલ ચંદ્રિકા (સં.) (૧૯૯૭); ''સ્ત્રી સિદ્ધીના સોપાનો'', પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.
- ડૉ. ભટ્ટ ઉષાબહેન ઘનશ્યામભાઈ, (૧૯૮૨) ''અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વશક્તિ (ઈ.સ. ૧૯૨૦ થી ૧૯૪૭)'' ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન; અમદાવાદ.
- ભટ્ટ દોલત (સં.) (૧૯૯૭); ''મુક્તિ સંગ્રામને મોરચે મહિલાઓ''; માહિતી ખાતુ, ગુજરાત રા-ય, ગાંધીનગર.
- ડૉ. મરચન્ટ આમ્રપાલી (૨૦૦૪) ''ક્રિયાનું સમાજશાસ્ત્ર'' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
- ડૉ. મહેતા હર્ષદ (૨૦૦૧); ''સ્ત્રી સામર્થ્ય વિકાસ'' રામુ પંડિત માનવ પારમિતા પ્રતિષ્ઠાન'', વલ્લભવિદ્યાનગર.
- ડૉ. રાવલ ચંદ્રિકા (૨૦૦૩); ''અમદાવાદના સ્ત્રી સંગઠનો'' - યુ.જી.સી. માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ - ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.
- ડૉ. રાવલ ચંદ્રિકા (૨૦૦૫); ''ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ - પંચવર્ષીય અહેવાલ'', ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ પ્રકાશન, અમદાવાદ.
- ડૉ. શાહ કલ્પના (૨૦૦૦); ''સ્ત્રીઓ અને વિકાસ'' આર. આર. શેઠની કંપની, મુંબઈ.
- ડૉ. શાહ ભાનુમતી, ડૉ. ફરીદા કંપનીવાલા (સં.) (૨૦૦૨) ''સ્ત્રી : સંસ્કૃતિની આધારશિલા''; પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.
- ''મહિલા સશક્તિકરણ'' યોજના, અમદાવાદ, વર્ષ-૨૮, અંક-૫, ઑગષ્ટ ૨૦૦૧.

❑❑❑

"Men, men, these are wanted;
everything else will be ready,
but strong, vigorous, believing men,
sincere to the backbone are wanted.

"My faith is in the younger
generation, the modern
generation; out of them will
come my workers.

They will work out the whole
problems like lions...

They will spread from center
to center, until we have
covered the whole of India.

"Numbers do not count, nor
does wealth or poverty,
a handful of men can throw the
world off its hinges,
provided they are united in
thought, word and deed."

- Swami Vivekanand



Maniben Nanavati Women's College